RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 170, Dt.02-10-2024 Wednesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ઈઝરાયલે ઈરાનો ખાત્મો કરવા તૈયારી આરંભી

## ઈરાને હુમલો કરતાં છંછેડાયુ ઈઝરાયલ : તહેરાનનાં ઓઈલ મથકો – પરમાણુ કેન્દ્રો બરબાદ કરી દેવા નિર્ણય : વિશ્વભરમાં ચિંતાનું મોજુ : યુનોની તાકીદની બેઠક

**મુખ્ય સમાચાર,તેલ અવીવ**

ઈરાને મંગળવારે ઈઝરાયેલ પર જોરદાર હુમલો કર્યો. ઈરાન દ્વારા ઈઝરાયેલ પર લગભગ ૨૦૦ બેલેસ્ટિક મિસાઈલો છોડવામાં આવી હતી. ઈઝરાયલના વિદેશ મંત્રાલયે કહ્યું કે ઈરાની હુમલામાં એક વ્યક્તિનું મોત થયું છે. ઈઝરાયેલે હુમલા બાદ ઈરાની શાસનને વિશ્વ શાંતિ માટે ખતરો ગણાવતા બદલો લેવાની ધમકી આપી છે. એવું માનવામાં આવે છે કે ઈરાનની ન્યુક્લિયર સાઈટ અને ઓઈલ ફેસિલિટી ઈઝરાયેલ દ્વારા નિશાન બનાવવામાં આવી શકે છે.આ હુમલા બાદ ઈઝરાયેલની સેનાએ સ્પષ્ટ કહ્યું કે અમે ઈરાન વિરુદ્ધ જવાબી કાર્યવાહી કરવાની પ્રતિજ્ઞા લીધી છે. તેમણે એમ પણ કહ્યું કે અમે સ્થળ અને સમય બંને નક્કી કરીશું. તે જ સમયે, ઈરાનના રક્ષકોએ ધમકી આપી હતી કે જો ઈઝરાયેલ મિસાઈલ હુમલાનો જવાબ આપશે તો કચડી હુમલા કરશે. ઈઝરાઈલી સૈન્યએ બુધવારે કહ્યું હતું કે તેની હવાઈ દળ મધ્ય પૂર્વમાં રાત્રે શક્તિશાળી હડતાલ ચાલુ રાખશે, થોડા કલાકો પહેલા ઈરાને ઈઝરાયેલ પર અનેક મિસાઈલોથી હુમલો કર્યા પછી. લશ્કરી પ્રવક્તા રીઅર એડમિરલ ડેનિયલ હેગ્રીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, હવાઈ દળ સંપૂર્ણ રીતે કાર્યરત છે અને તે આજે રાત્રે મધ્ય પૂર્વમાં શક્તિશાળી પ્રહાર કરવાનું ચાલુ રાખશે, જેમ કે તે ગયા વર્ષ દરમિયાન છે.

મંગળવારના રોજ વોલ સ્ટ્રીટ જર્નલના અહેવાલમાં આરબ અધિકારીઓને ટાંકીને કહેવામાં આવ્યું છે કે ઈરાનના મિસાઈલ હુમલા બાદ ઈઝરાયેલે તેહરાનના પરમાણુ કે તેલ કેન્દ્રોને નિશાન બનાવીને સીધો જવાબી કાર્યવાહી કરવાની ચેતવણી આપી છે. ઈઝરાયેલના અધિકારીઓએ કથિત રીતે ભારપૂર્વક જણાવ્યું હતું કે તે હુમલાનો જવાબ આપશે, ભલે આ હુમલાથી વધુ



નુકસાન ન થયું હોય. ઈઝરાયેલની પ્રતિક્રિયા સૂચવે છે કે ઈરાનની પરમાણુ સાઈટ્સ તેનું નિશાન બની શકે છે.

સૈન્ય વિશ્લેષકોએ એક દિવસ પહેલા જ સંકેત આપ્યો હતો કે ઈઝરાયેલની સેના ઈરાનના પરમાણુ કેન્દ્રો પર હુમલો કરવા માટે ગંભીરતાથી વિચારી રહી છે. ઈરાની સાઈટ્સ પર હુમલાની સંભાવના છેલ્લા એક દાયકામાં સૌથી વધુ છે. યનેટ સાથે વાત કરતા, નાદવ ઈયાલે કહ્યું કે તાજેતરના ઈરાની હુમલાએ ઈરાનના પરમાણુ માળખા પર હુમલાની હિમાયત કરતા ઈઝરાયેલમાં અવાજને મજબૂત બનાવ્યો છે.ઈઝરાયેલના વરિષ્ઠ અધિકારીઓએ ઈરાની મિસાઈલ હુમલાનો કડક જવાબ આપવાની ખાતરી આપી છે. એક સંરક્ષણ અધિકારીએ કહ્યું કે તેની ગંભીર – તિક્રિયા થશે. આ બીજા ઈઝરાયેલ અધિકારીએ ચેતવણી આપી હતી કે ઈરાને અત્યાર સુધી જે અનુભવ્યું છે તે ઘણું ઓછું છે. તેણે ભવિષ્યમાં ઘણું સહન કરવું પડશે. અમે હવે ઈરાન પર મોટો હુમલો કરીશું.

ઈઝરાયેલના પીએમ બેન્જામિન નેતન્યાહુએ કહ્યું કે તેમના દેશને નિશાન બનાવતી ઈરાનની મિસાઈલો નિષ્ફળ ગઈ છે પરંતુ ઈરાને હુમલો કરીને ગંભીર ભૂલ કરી છે અને તેની કિંમત ચૂકવવી પડશે. અમારો નિયમ સ્પષ્ટ છે કે અમારા પર હુમલો કરનારા બદલામાં હુમલો કરવામાં આવશે. ઈઝરાયલના આ સ્ટેન્ડથી મોટા સંઘર્ષની શકયતા પણ ઉભી થઈ છે.

ફ્રાન્સ અને ઈઝરાયેલની વિનંતી પર સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (ઞગજી) એ બુધવારે ઈમરજન્સી બેઠક બોલાવી છે. ઈઝરાયેલના યુએન એમ્બેસેડર ડેની ડેનને કાઉન્સિલને લખેલા પત્રમાં ઈરાની હુમલાની નિંદા કરી છે.

# યુદ્ધથી ક્રુડ ભડકે બળ્યું : ફુટશે મોંઘવારીનો બોંબ

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ઈઝરાયેલ અને ઈરાન (ઈરાન-ઈઝરાયેલ સંઘર્ષ) વચ્ચે વધતા તણાવને કારણે વિશ્વમાં ચિંતા વધી રહી છે અને તેની સાથે વૈશ્વિક બજારો પણ ગભરાટમાં આવી ગયા છે. ઈરાને લગભગ ૧૮૦ મિસાઈલો છોડીને ઈઝરાયેલ પર જોરદાર હુમલો કર્યો છે, જેના પછી તણાવ વધુ વધી ગયો છે. ઈઝરાયેલી સેનાએ પણ જવાબી હુમલા માટે સંપૂર્ણ રીતે તૈયાર હોવાનો દાવો કર્યો છે. બંને દેશોમાં વધતા તણાવની અસર સૌથી પહેલા ક્રૂડ ઓઈલની કિંમતો પર જોવા મળી રહી છે અને ક્રૂડ ઓઈલની કિંમતમાં એક સાથે ૫ ટકાનો વધારો થયો છે. જેને કારણે પેટ્રોલ-ડિઝલ સસ્તા થવાની આશા ઉપર પાણી ફરી વળ્યું છે. સૌથી પહેલા વાત કરીએ ઈરાન-ઈઝરાયેલ સંઘર્ષની તાજેતરની સ્થિતિ વિશે તમને જણાવી દઈએ કે ઈરાને બેલેસ્ટિક મિસાઈલથી હુમલો કર્યો છે અને હવે અમે ઈરાનના હુમલાનો જવાબ આપીશું, અમારી યોજના તૈયાર છે, પરંતુ સમય અને અમે પસંદ કરીએ છીએ. અહેવાલો અનુસાર ઈરાન દ્વારા ઈઝરાયેલ પર ૧૮૦ થી વધુ મિસાઈલો છોડવામાં આવી છે. આ મિસાઈલ હુમલો મંગળવારે રાત્રે કરવામાં આવ્યો હતો અને તેણે સમગ્ર વિશ્વમાં હલચલ મચાવી દીધી હતી. આ સિવાય ઈઝરાયેલની રાજધાની તેલ અવીવ નજીક જાફામાં ગોળીબારની ઘટના સામે આવી છે, જેમાં ૮ લોકો માર્યા ગયા હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. નોંધનીય છે કે ઈરાન, જે ઓપેકનું સભ્ય છે અને તેને આ તેલ ક્ષેત્રનો સૌથી મોટો ખેલાડી માનવામાં આવે છે. ક્રૂડ ઓઈલ સેક્ટરમાં તેની સામેલગીરીથી ઓઈલ સપ્લાય ચેઈનમાં વિક્ષેપ




આવવાની આશંકા વધી ગઈ છે. તેની અસર પણ દેખાઈ રહી છે, કારણ કે ઈરાન વિશ્વના લગભગ એક તળતીયાંશ તેલનો પુરવઠો પૂરો પાડે છે. બિઝનેસ ટુડેના રિપોર્ટ અનુસાર ઈરાનના મિસાઈલ હુમલાને કારણે સંકટ વધી રહ્યું છે અને આ સમાચાર બાદ ક્રૂડ ઓઈલની કિંમતોમાં જોરદાર ઉછાળો જોવા મળ્યો છે. ઈઝરાયેલ અને ઈરાન વચ્ચેના તણાવની અસર પર નજર કરીએ તો આંતરરાષ્ટ્રીય બજારમાં વેસ્ટ ટેક્સાસ ઈન્ટરમીડિયેટ ક્રૂડ (ઠઝઈ ક્રૂડ)ના ભાવમાં અચાનક ૫ ટકા સુધીનો વધારો જોવા મળ્યો છે. ભૂતકાળમાં તેમાં લગભગ ૨.૭ ટકાનો ઘટાડો થયો હતો, પરંતુ તાજેતરના વધારા બાદ તેની કિંમત ફરી એક વખત પ્રતિ બેરલ ૭૧ને પાર કરી ગઈ છે. જો આપણે વૈશ્વિક બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડની કિંમત વિશે વાત કરીએ, તો તે લગભગ ૫ ટકાના ઉછાળા સાથે પ્રતિ બેરલ ૭૫ની ઉપર પહોંચી ગયો છે.

# ગંદકીથી નફરત આપણને સ્વચ્છતા માટે મજબૂર અને મજબૂત કરશેઃ મોદી

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

દેશમાં સ્વચ્છતા અભિયાનના દસ વર્ષ પૂરા થવા પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ગાંધીજયંતિના દિવસે હવે દેશભરમાં રૂા.૧૦ હજાર કરોડથી વધુના એક અમૃત સ્વચ્છતા અભિયાન આયોજનનો પ્રારંભ કરતા જણાવ્યુ હતુ કે દેશના અનેક શહેરોમાં વોટર અને સીવેજ (ગંદા પાણી) ટ્રીટમેન્ટ પ્લાન બનાવવામા આવશે અને નમામી ગંગા સાથે જોડાયેલા પ્રોજેકટમાં કચરામાંથી ગોબર ગેસ અને બાયો ગેસ ઉત્પન્ન કરવાનુ મિશન પણ હાથ ધરવામા આવશે. તેમણે કહ્યુ કે દેશમાં સ્વચ્છતા અભિયાન જેટલુ સફળ થશે તેટલો જ આપણો દેશ ચમકશે.



આજે દિલ્હીમાં વિજ્ઞાન ભવન ખાતે વડાપ્રધાને આ યોજનાની આધારશિલા રાખી હતી અને કહ્યુ હતુ કે આપણે ગંદકીથી જેટલા નફરત કરશું તેટલા સ્વચ્છતા માટે મજબૂત બનશું. શ્રી મોદીએ કહ્યું કે આજે ગાંધીજયંતિના દિવસે અને લાલબહાદુર શાસ્ત્રીની જન્મજયંતિએ હું બંને મહાનુભાવોને શ્રધ્ધાપૂર્વક નમન કરૂ છું. જે ભારતનુ સ્વપન મહાત્મા ગાંધી અને દેશની મહાન વિભૂતિએ જોયુ હતુ તે આપણે સૌ સાથે મળીને સાકાર કરીશું.

શ્રી મોદીએ કહ્યું કે, ૧૦ વર્ષમાં સ્વચ્છતા પ્રત્યે આપણે ઘણુ અપનાવ્યુ છે. આજે દેશભરમાં લોકો તેમના નામ, શહેર, સોસાયટી, ફલેટમાં સ્વચ્છતાનો આગ્રહ રાખીરહ્યા છે અને આપણે તેને આદત બનાવી દેવાની છે. મિશન અમૃત હેઠળ રૂા.૧૦ હજારના પ્રોજેકટની શરૂઆત થઈ છે અને તે સફળ થશે તો ૧ હજારવર્ષ બાદ પણ આ એકવીસમી સદીના અભિયાનને યાદ કરાશે.

દેશનુ સ્વચ્છતા અભિયાન દેશનુ સૌથી મોટુ જનભાગીદારી, જનનેતૃત્વ અને જનઆંદોલન બની રહેશે. તેમણે કહ્યુ કે સ્વચ્છ ભારત મિશનથી દર વર્ષે ૬૦ થી ૭૦ હજાર બાળકોના જીવન બચી રહ્યા છે. આ અભ્યાસ આંતરરાષ્ટ્રીય ખાદ્ય નીતિ અનુસંધાન સંસ્થા, કેલીફોર્નિયા વિશ્વવિદ્યાલય અને ઓહીયો સ્ટેટ યુનિવર્સિટી દ્વારા કરાયુ છે.

# કાલથી માંના નવલા નોરતા નો પ્રારંભ :મેઘાની ચિંતા સામે ખેલૈયાઓનો ઉત્સાહ ચરમસીમાએ

## ૧૦ દિવસ સુધી ગલગોટો, સનેટો, ઢોલીડાની ધૂમ દેખાશે : શેરી-સોસાયટીમાં રોનક છવાશે, વરસાદના કારણે કોમર્શિયલ આયોજકોમાં દ્વિધા

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ભકિત અને શકિતના પર્વ નવરાત્રીની આવતીકાલે આસો સુદ એકમથી રંગારંગ શરૂઆત થશે. ખેલૈયાઓ અને આબાલવૃદ્ધ સૌ છેલ્લા એક મહિનાથી નવરાત્રી પર્વની કાગડોળે રાહ જોઈ રહ્યા છે. એક બાજુ છેલ્લા એક પખવાડિયામાં ધોધમાર, છૂટાછવાયા વરસાદને જોતાં કોમર્શિયલ આયોજકો વિમાસણમાં મુકાયા છે. બીજી બાજુ શેરી અને સોસાયટીમાં ગરબાના ભવ્ય આયોજનો થયા હોય શહેરીજનોમાં અનેરો ઉત્સાહ દેખાઈ રહ્યો છે. જેમાં ચાલુ વર્ષે તિથિના સંયોગ વચ્ચે ૧૦ દિવસ સુધી ગલગોટો, સનેડો, ઢોલીડા સહિતના ગરબા, દોઢિયા અને દાંડિયા રાસની રમઝટ જોવા મળશે. નવરાત્રીના દિવસોમાં આદ્યશક્તિના જુદા જુદા સ્વરૂપની પૂજા- અર્ચના થશે. સુરત શહેરમાં ગણેશોત્સવની ધામધૂમથી ઉજવણી બાદ હવે ગુરુવારથી ૧૦ દિવસ માટે નવરાત્રી પર્વની રોનક દેખાશે. દર વર્ષની સરખામણીએ ચાલુ વર્ષે વરસાદને કારણે ચિંતાનાં વાદળો ઘેરાયા છે. ગત શનિવારે રાત્રિએ ધોધમાર વરસાદ અને રવિવારે દિવસભર વાદળછાયા વાતાવરણને કારણે પ્રિ- નવરાત્રીના આયોજનો બગડયા હતા. અનેક સમાજ અને સંસ્થા દ્વારા પ્રિ- નવરાત્રીના આયોજનો મુલતવી રાખવામાં આવ્યા હતા. જયારે હવે ગુરુવારથી નવરાત્રી પર્વનો વિધિવત આરંભ થશે. આ વર્ષે હસ્ત નક્ષત્ર અને ઐન્દ્ર યોગ વચ્ચે નવરાત્રી પર્વ શરૂ થશે એવો મત જયોતિથી આપી રહ્યા છે. આ વર્ષે મા અંબા પાલખીમાં સવાર થઈને આવશે. ગુરુવારે બપોરે ૩.૩૩ વાગ્યા સુધી હસ્ત નક્ષત્ર, આખો દિવસ ઐન્દ્ર યોગ રહેશે. ચંદ્ર કન્યા રાશિમાં હશે. ગુરુવારે સવારે ઘટ સ્થાપન સાથે આદ્યશક્તિની આરાધનાનો દોર શરૂ થશે. જોકે, ગુરુવારે સૂર્યોદય પછીનું પહેલું ચોઘડિયું શુભ હોવાથી તેમાં ઘટસ્થાપન થઈ શકશે. ત્યારપછી બન્ને ચોથડિયા રોગ અને ઉદ્વેગ છે. બપોરે ૧૨.૧૨થી ૧ વાગ્યા સુધીનું અભિજિત મુહૂર્ત પણ શુભ હોવાનો મત જયોતિષી આપી રહ્યા છે. આમ, વરસાદના વિઘ્ન અને



અનેક સંયોગો વચ્ચે ગુરુવારથી આદ્યશક્તિની આરાધનાનું પર્વ શરૂ થશે. (૨૨.૫)

નવ દિવસ સુધી આદ્યશક્તિના જુદા જુદા સ્વરૂપની પૂજા જયોતિષીના જણાવ્યા મુજબ, શહેરના આદ્યશક્તિનાં મંદિરોમાં નવરાત્રી પર્વ વેળા ક્રમશઃ શૈલપુત્રી, બ્રહ્મચારિણી, સ્કંદમાતા, કુષ્માંડા, ચંદ્રઘંટા, કાત્યાયની દેવી, મહાગૌરી દેવી, કાલરાત્રી દેવી અને સિદ્ધિદાત્રી દેવી એમ આદ્યશક્તિના વિવિધ સ્વરૂપની પૂજા, આરતી થશે.

# પુના નજીક હેલિકોપ્ટર તૂટી પડતા બે પાયલોટ સહિત ત્રણના મોત

**મુખ્ય સમાચાર, પુના**

પુણે પાસે આવેલા બાવધનના બુદ્રુક ગામ નજીક હેલિકોપ્ટર ક્રેશ થતા ૩ લોકોના મોત થયા છે. જેમાં ૨ પાયલોટ અને ૧ એન્જિનિયરનો સમાવેશ થાય છે. સ્થાનિક રહીશોએ હેલિકોપ્ટર ક્રેશની માહિતી પોલીસ કંટ્રોલ રૂમને આપી હતી.



હેલિકોપ્ટર દુર્ઘટનાના સમાચાર મળતાં જ ફાયર બ્રિગેડ, ડિઝાસ્ટર રાહત ટીમ અને પોલીસ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. ઘટના સવારે સાત વાગ્યે બની હતી ધુમ્મસના લીધે હેલિકોપ્ટર ક્રેશની દુર્ઘટના સર્જાઈ હોવાનું માનવામાં આવી રહ્યું છે. જોકે આ મામલે તપાસના આદેશ આપી દેવામાં આવ્યા છે.

ઑકસફોર્ડ ગોલ્ડ કલબના હેલિપેડથી ઉડાન ભર્યા બાદ તરત જ હેલિકોપ્ટર દુર્ઘટનાગ્રસ્ત થયું હતું. આ વિસ્તારમાં ગાઢ ધુમ્મસ હોવાના કારણે દુર્ઘટના સર્જાઈ હોવાની આશંકા છે.

આ પહેલાં ઓગસ્ટ મહિનામાં પણ પુણેમાં હેલિકોપ્ટર ક્રેશ થયું હોવાની ઘટના સામે આવી હતી. જેમાં ચાર લોકોને ઈજા પહોંચી હતી. મુંબઈના જુહૂથી હેલિકોપ્ટરે હૈદ્રાબાદ માટે ઉડાન ભરી હતી. આ દરમિયાન પુણેના પૌડ વિસ્તારમાં ખરાબ હવામાન અને ટેક્નિકલ ખામીના લીધે હેલિકોપ્ટર દુર્ઘટનાનો શિકાર બન્યું હતું. અકસ્માતનો ભોગ બનેલું હેલિકોપ્ટર ખાનગી કંપની ગ્લોબલ વેક્ટરા હેલિકોર્પનું હતું.

# દુનિયાના સૌથી મોટા રાજકીય પક્ષ બનવાની દોટમાં ભાજપની ગતિને બ્રેક

## ૧ કરોડ સભ્યો બનાવવાનો લક્ષ્યાંક ચુકતુ ભાજપ : અનેક રાજયોમાં ૫૦ ટકા પણ સભ્યો બન્યા નથી

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

લોકસભા ચૂંટણીમાં ભાજપને બહુમતી નહી મળતા મોરચા સરકારની રચના બાદ તેની સામે પડકાર વધી રહ્યા છે અને હરિયાણામા ભાજપ કપરા ચઢાણનો સામનો કરી રહ્યુ હોય તેવા સંકેત છે. તે વચ્ચે પક્ષ દ્વારા દેશભરમાં જે સદસ્યતા અભિયાનનો પ્રારંભ કરવામા આવ્યો છે તેમાં ૧ કરોડ સભ્ય બનાવવામા પણ ભાજપ હાંફી ગયો હોય તેવા સંકેત છે.

તેથી રાષ્ટ્રીય નેતૃત્વએ ફરી એક વખત રાજયોના સંગઠન ઉપર પસ્તાળ બોલાવી છે. જો કે ઉતરપ્રદેશ અને આસામ બે રાજયો એવા છે જયાં પક્ષનો દેખાવ સારો રહ્યો છે. ભાજપે તા.૨ સપ્ટેમ્બરથી તેનુ સદસ્યતા અભિયાન શરૂ કર્યું હતુ અને ૨૫ સપ્ટેમ્બરના રોજ પંડિત દિનદયાલ ઉપાધ્યાયની જન્મજયંતિ સમયે ૧ કરોડ સભ્યો બનાવવાનો લક્ષ્યાંક રાખ્યો હતો પરંતુ મોટાભાગના રાજયોમાં ભાજપનુ સંગઠન તેમ કરવામા નિષ્ફળ નિવડયુ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાની મેમ્બરશીપ રીન્યુ કરાવી હતી અને તે સમયે પક્ષ પ્રમુખ જે.પી.નડ્ડાએ દુનિયાના સૌથી મોટા રાજકીય પક્ષ તરીકે ભાજપને પુનઃ સ્થાપવા માટે અપીલ કરી હતી. પરંતુ તેમા હવે પક્ષને જબરી મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ૨૫ સપ્ટેમ્બર સુધીમાં



ભાજપને ૧ કરોડ સભ્ય બનાવવાના હતા.જેમાં અત્યાર સુધીમાં ફકત ૮૩ લાખ સભ્યો બન્યા છે. જયારે ઉતરપ્રદેશ એકમાત્ર એવુ રાજય છે જે તેના ૨૫ સપ્ટેમ્બરની ડેડલાઈન વટાવી શકયુ છે અને પૂરી સદસ્યતા અભિયાન દરમ્યાન ૨૦ લાખ સભ્યો બનાવવાના લક્ષ્યાંક સામે ૧૫ લાખ સભ્યો બનાવી દીધા છે અને હજુ એક માસનો સમય બાકી છે.આ ઉપરાંત ત્રિપુરા, અરૂણાચલ પ્રદેશે પોતાનો લક્ષ્યાંક પાર પાડયો છે. ગઈકાલે જ પટણામાં રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી.નડ્ડાએ બિહારમાં પણ સભ્ય નોંધણી ઝુંબેશમાં ઢીલાશ સામે ચિંતા વ્યકત કરી હતી.

# સૌરાષ્ટ્રની ૩ સહિત ૭ જીલ્લા હોસ્પિટલોને મેડિકલ કોલેજ તરીકે અપગ્રેડ કરાશે

**મુખ્ય સમાચાર, ગાંધીનગર**

ગુજરાત સરકાર દ્વારા બ્રાઉનફીલ્ડ મેડીકલ કોલેજ નીતિમાં સુધારો કરવામાં આવ્યો છે અને જીલ્લા કક્ષાની સરકારી હોસ્પીટલોને બ્રાઉન મેડીકલ કોલેજ તરીકે અપગ્રેડ કરવાની છૂટ આપવામાં આવી છે.

રાજય પ્રધાનમંડળની બેઠકમાં લેવાયેલ નિર્ણયની માહિતી આપતા પ્રધાનમંત્રી શ્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે હાલ બનાસકાંઠા, અમરેલી, દાહોદ, ભરૂચ તથા તાપી જીલ્લામાં બ્રાઉનફીલ્ડ મેડીકલ કોલેજ કાર્યરત છે.

સરકાર દ્વારા નીતિમાં બદલાવ કરવામાં આવ્યો છે જે અંતર્ગત બોટાદ, દેવભૂમિ દ્વારકા, ગીર સોમનાથ, ખેડા, છોટા ઉદેપુર, મહીસાગર તથા ડાંગ જેવા સાત જીલ્લામાં નવી મેડીકલ કોલેજ સ્થપાશે. આ મેડીકલ કોલેજ જીલ્લા સ્તરે વધુચ સારી આરોગ્ય સુવિધા ઉપલબ્ધ બની શકશે.



બ્રાઉનફીલ્ડ હોસ્પીટલોનું સંચાલન કરતી સંસ્થાઓ પ્રસુતાની ડીલીવરી બાદ પણ ૨૦ દિવસ મફત સારવાર કરશે. ઉપરાંત એક વર્ષ સુધીના બાળકોની મફત સારવાર થશે. સંચાલકોએ એનઆઈસીટુ ઉભુ કરવુ પડશે. ડાયાલીસીસ સેવા માટે ૧૦ બેડનું એકમ સ્થાપવુ પડશે અને હૃદય, મગજ, કેન્સર તથા ઓર્ગન ટ્રાન્સપ્લાંટ સિવાયની મફત સારવાર કરવાની રહેશે.

તેઓએ કહ્યું કે બ્રાઉન ફિલ્ડ મેડીકલ કોલેજની સ્થાપના પછી પણ હોસ્પીટલમાં બ્લડબેંક કાર્યરત રાખવાનું ફરજીયાત રહેશે અને જરૂરીયાતમંદોને મફત લોહી પુરૂ પાડશે. ટ્રોમા તથા અકસ્માતનાં દર્દીઓને પણ મફત સારવાર આપવાની રહેશે.

ઋષિકેશ પટેલે એવી ચોખવટ કરી હતી કે બ્રાઉન ફીલ્ડ મેડીકલ કોલેજ હેઠળ નેશનલ મેડીકલ કમીશનનાં માપદંડ મુજબ હોસ્પીટલનાં વિસ્તરણ માટે સરકાર દ્વારા કોઈ વધારાની ગ્રાન્ટ ફાળવવામાં નહી આવે.

કેન્દ્ર તથા રાજય સરકારની યોજનાઓ લાગુ કરવી પડશે પરંતુ તે માટે વધારાનું ફંડ આપવામાં નહી આવે. સંચાલક, સંસ્થાઓએ ૩૦૦ રૂપિયાના સ્ટેમ્પપેપર પર નિયમો અને શરતો માન્ય હોવાની બાહેંધરી આપવી પડશે.

# જામનગર જિલ્લા પંચાયત ખાતે સ્વચ્છતા સંવાદ કાર્યક્રમ યોજાયો



**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર, ભારત સરકારના દ્વારા બીજી ઓક્ટોબરના રોજ મહાત્મા ગાંધીજીની જન્મ જયંતી નિમિત્તે સમગ્ર ભારતમાં સ્વચ્છતા માટેની જન ઉજવણીનું આયોજન કરવામાં આવે છે. જે ઉજવણીના ભાગરૂપે રાજ્ય સરકાર દ્વારા પણ સ્વચ્છ ભારત મિશન તારીખ ૧૭ સપ્ટેમ્બરથી તારીખ ૩૧ ઓક્ટોબર ૨૦૨૪ સુધી સ્વચ્છતા હી સેવા-૨૦૨૪ પખવાડિયા તરીકે ઉજવવાનું નક્કી કરેલ છે.જે ઉજવણી અંતર્ગત જામનગર જિલ્લા પંચાયતના સભાખંડ ખાતે પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટને કેન્દ્રમાં રાખી પસ્વચ્છતા સંવાદથ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગાંધીનગરથી ઉપસ્થિત રહેલ મિતલ પટેલે ઉપસ્થિત સૌ કોઈને પ્લાસ્ટિકના ગેરફાયદા, ક્લાયમેટ ચેન્જ માટે પ્લાસ્ટિકની ભૂમિકા, પ્લાસ્ટિકની પર્યાવરણ પર થતી અસરો, પ્લાસ્ટિક મુક્ત ભારત અને પ્લાસ્ટિકના નુકસાનથી આવનારી પેઢીઓને કઈ રીતે સુરક્ષિત રાખવી એ બાબતે પ્રેઝન્ટ્રેશનના માધ્યમથી ઝીણવટભરી ભરી માહિતી પૂરી પાડી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સ્વચ્છ ભારત મિશનના ડી.સી. વી.બી.ગોસ્વામીએ કર્યું હતું.આ તકે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શારદા કાથડે પણ પ્રાસંગિક ઉદબોધનમાં જણાવ્યું હતું કે આજના સમયે સ્વભાવ સ્વચ્છતા, સંસ્કાર સ્વચ્છતા સૂત્રને વર્તનમાં લાવવું જરૂરી છે.

તેઓએ દેશના સુરક્ષિત ભવિષ્યના નિર્માણ માટે સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ કેળવી રોજ-બરોજની ક્રિયામાં સ્વચાગ્રહી બનવા પર ભાર મૂક્યો હતો. આ કાર્યક્રમમાં સરપંચઓ, બ્લોક કો-ઓર્ડીનેટર, ક્લસ્ટર કો-ઓડીનેટર, એન્જિનિયર્સ, તલાટી મંત્રીઓ, સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રતિનિધિઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# જામજોધપુર તાલુકાના સતાપર અને ઉદેપુર ગામે પશુ આરોગ્ય મેળાનું આયોજન કરાયું



તારીખ ૩૦/૦૯/૨૦૨૪ ના રોજ સેવા સેતુ કાર્યક્રમ અંતર્ગત જામજોધપુર તાલુકાના સતાપર અને ઉદેપુર ગામે પશુ આરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૮૭ લાભાર્થીના ૧૧૧ મેડીસીન સારવાર, ૧૩ સર્જરી, ૫૫ ગાયનેક સારવાર અને ૧૮૭ નિઃશુલ્ક કૃમિનાશક દવાઓનું વિતરણ એમ કુલ ૩૬૬ મુંગા જીવોની સારવાર કરવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન હાજર પશુ પાલકોને કિસાન ક્રેડિટ કાર્ડના ફોર્મ વિતરણ કરવામાં આવ્યા હતા. તેમજ પશુઓમાં થતા ખરવા મોવાસા રસીકરણનો પણ કેમ્પ રાખવામાં આવ્યો હતો. જેમાં બહોળી સંખ્યામાં ગ્રામજનો લાભાન્વિત બન્યા હતા. તેમ નાયબ પશુપાલન નિયામક ડો.તેજસ શુકલ, જિલ્લા પંચાયત, જામનગર દ્વારા જણાવાયું છે. (રિપોર્ટ વિજય બગડા જામજોધપુર)

# ગુજરાતમાં ૧૮ થી ૨૦ લાખ પક્ષીઓ દેવભૂમિ દ્વારકામાં સૌથી વધુ પ્રજાતિ



**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગરની જળવાયુ માર્શ લેમિંગો, પેલિકન અને ક્રેન્સને આકર્ષિત કરે છે.ગુજરાતમાં પક્ષીઓની આબાદી ૧૮ થી ૨૦ લાખ થવાની વાત સામે આવી છે. નળ સરોવર ૩.૬૨ લાખથી વધુ પક્ષીઓ સાથે સૌથી વધુ પક્ષીઓ ધરાવતું હોયસ્પોટ બની ગયું છે.આ તથ્ય ગુજરાત સરકારના વન વિભાગ તરીકથી તૈયાર કરવામાં આવેલા ગુજરાત બર્ડ ડાયવર્સિટી રિપોર્ટ ૨૦૨૩-૨૪માં સામે આવ્યું છે. રાયના વન અને પર્યાવરણ મંત્રી મુળુભાઈ બેરાએ આ રિપોર્ટ જાહેર કર્યો છે. ગુજરાત ૫૦ હજારથી વધુ સ્થાનિક અને વિદેશી પ્રવાસી પક્ષીઓનું કેન્દ્ર છે અને અહીં ૧૮ થી ૨૦ લાખ પક્ષીઓની આબાદી છે. દેવભૂમિ દ્વારકામાં સૌથી વધુ ૪૫૬ પ્રજાતિના પક્ષીઓ જોવા મળે છે, આંતરરાષ્ટ્રીય સીમા ધરાવતા કચ્છ જીલ્લામાં ૧૬૧ પ્રજાતિઓના ૪.૫૬ લાખથી વધુ પક્ષીઓ જોવા મળ્યા છે. જામનગરમાં ૨૨૧ પ્રજાતિના ૪ લાખથી વધુ પક્ષીઓ છે.

અમદાવાદમાં ૩.૬૫ લાખ પક્ષીઓની આબાદી છે અને ૨૫૦થી વધુ પ્રજાતિઓના પક્ષી છે. કચ્છના રણમાં હજારો ગ્રેટર લેમિંગો પ્રવાસ દરમ્યાન આવે છે. જેનાથી આ સફેદ રણ ગુલાબી રંગમાં ફેરવાય જાય છે.

# અંતે લાંબા સમય બાદ ગોંડલ-૨ અને જામકંડોરણાના તત્કાલીન ઈન્ચાર્જ CDPO કોમલબેન ઠાકર સામે તપાસ નો દોર શરૂ થયો

## દેર સે દુરસ્ત લેકીન આચી તો સહી ! અરજદારો ને ન્યાય મળશે કે કેમ તે મોટો પ્રશ્ન

**મુખ્ય સમાચાર મા અખબારી અહેવાલો સમયે સમયે પ્રસિધ્ધ થયેલા હતા**



**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ જિલ્લાના જામકંડોરણા તાલુકા ના તત્કાલીન ઈન્ચાર્જ ઈઉડ્ઘ કોમલ ઠાકર સામે સાજડયાળી ગામ ના વતની મહિલા અરજદારે ગંભીર આક્ષેપો કરી ને રાજ્ય સરકાર પાસે તપાસ માંગણી કરેલ હતી.

ગોંડલ તાલુકા ના અનીડા ગામની આંગણવાડી ત્રણ વર્કર બહેનો પાસે બંધ બારણે સતા દૂર ઉપયોગ કરી ને ટી.એચ.આર વેચવા બાબતે કબૂલાતનામાં લખવી લીધેલ તેવા ગંભીર આક્ષેપો મહિલા અને બાળ કલ્યાણ કેબિનેટ મંત્રી શ્રી સુધી થયેલા છે.

જ્યારે જામકંડોરણા તાલુકામાં આઈ.સી.ડી.એસ ઘટક કોમલ બેન ઠાકર ઈન્ચાર્જ બાળ વિકાસ યોજના અધિકારી તરીકે હતા ત્યારે ઘણા બધા ગંભીર આક્ષેપો રાજ્ય સરકાર સુધી થયેલા છે

અને રાજકોટ જિલ્લા પ્રોગ્રામ ઓફિસર ખાસ ગણાતા હોવાથી આજ સુધી મા તેમની સામે કોઈ કાર્યવાહી થયેલ નથી અને પોતાની મનમાની થી કચેરી ચલાવતા હતા.

સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે કે જામકંડોરણા તાલુકાના તત્કાલીન ઈન્ચાર્જ બાળ વિકાસ યોજના અધિકારી અને હાલ ગોંડલ ૨ રેગ્યુલર બાળ વિકાસ યોજના અધિકારી કોમલ ઠાકર સામે રાજકોટ જોન વિભાગીય નાયબ નિયામક દ્વારા રેકોર્ડ આધારિત તપાસ હાથ ધરવામાં આવી હતી અને સ્ટાફ કર્મચારીઓ ના નિવેદન નોંધવામાં આવ્યા હતા.

હવે એ જોવાનું રહ્યું છે કે રાજ્ય સરકાર ના અધિકૃત અધિકારી દ્વારા તપાસ દોર શરૂ કરવામાં આવી છે ત્યારે અનીડા, સાજડયાળી ના મહિલા અરજદારો ને ન્યાય મળશે? કે બીજી આઈ.સી.ડી.એસ ફાઈલો ની જેમ દફ્તર થશે? તપાસ કરતા અધિકારી સાચી તપાસ કરશે? જો સાચી તપાસ થાય તો અરજદાર ને લાંબા સમય પછી ન્યાય મળશે તે આવતા સમયે ખબર પડશે.

**નિલેશ સોલંકી ઢાંક**

# બોટાદ પાસે ટ્રેન ઉથલાવવાના પ્રયાસ કરનાર બે શખ્સોની ધરપકડ

## આર્થિક તંગી દૂર કરવા યુ-ટ્યુબમાંથી વીડિયો જોઈ ટ્રેન લુંટવા માટે પ્લાન બનાવ્યો હતો



**મુખ્ય સમાચાર,બોટાદ**

ભાવનગર-ઓખા ટ્રેનને ગત તા. ૨૫ સપ્ટેમ્બરના રોજ બોટાદના કુંડલી નજીક રેલવે ટ્રેક વચ્ચે લોખંડનો પાટો મુકી ઉથલાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. જે ઘટના પ્રકાશમાં આવતા અલગ અલગ એજન્સીઓ ઉપરાંત સ્થાનિક પોલીસ દ્વારા તપાસનો ધમધમાટ શરૂ કરાયો હતો. ત્યારે આજે બે શખ્સોને ઝડપવામાં પોલીસને સફળતા મળી છે. પુછપરછ દરમિયાન બન્ને શખ્સોએ લાંબા ટાઈમથી બેકાર હોય ટ્રેન લુટવાનો પ્લાન ઘડી આ કાવતરું રચ્યો હોવાનું કબુલ્યું છે. જેના આધારે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

૨૫ સપ્ટેમ્બરે મોડી રાત્રે ઓખાથી ભાવનગર જતી ટ્રેનને બોટાદના કુંડલી ગામ નજીક ઉથલાવવાના પ્રયાસમાં મોટો ખુલાસો થયો છે. બે બેકારોએ આર્થિક તંગીથી કંટાળીને યુટ્યુબમાં વીડિયો જોઈને ટ્રેન ઉથલાવવાનો પ્લાન બનાવ્યો હતો. પોલીસે આ કેસમાં બોટાદ તાલુકાના અળવ ગામના જયેશ ઉર્ફે જલો નાગર બાવળિયા અને રમેશ કાનજી સલિયા નામના બે આરોપીની ધરપકડ કરી છે. બંને આરોપીઓએ આર્થિક તંગીના કારણે ટ્રેન લૂંટવાના ઈરાદે આ કારસો રચ્યો હોવાનું સામે આવ્યું છે. બંને આરોપીઓએ ટ્રેન કેવી રીતે લૂંટાય તે અંગે યુટ્યુબમાં વીડિયો પણ જોયા હોવાના પુરાવા મળ્યા છે. આરોપીઓએ રેલવે ટ્રેક વચ્ચે લોખંડનો ગર્ડર મૂકી ટ્રેનને નુકસાન કરવાનો પ્રયત્ન કર્યો હતો. તથા આ રેલવે પાટાના ટુકડા રેલવે રિપેરિંગ કામ દરમિયાન ચોરી લીધા હોવાનું પણ તપાસમાં સામે આવ્યું છે. ૨૫ સપ્ટેમ્બરે મરે મોડી મોડી રાત્રે કુંડલી ગામ નજીક રેલવે ટ્રેક વચ્ચે લોખંડનો ગર્ડર ઊભો કરી ઓખા-ભાવનગર ટ્રેન ઉથલાવાનો પ્રયાસ કરાયો હતો. ઘટનાની જાણ થતાં રેલવેના અધિકારીઓ અને બોટાદ પોલીસે ઘટનાસ્થળે પહોંચી તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. ત્યારે ઓખા-ભાવનગર ટ્રેનના એન્જિનને નુકસાન થયાનું રેલવે વિભાગે રાણપુર પોલીસમાં ફરિયાદ નોંધાવતા રાણપુર પોલીસે અજાણ્યા શખ્સો વિરુદ્ધ કલમ ૩/૫, ૬૧-૨-અ, ૬૨, ૧૨૫ અને રેલવે અધિનિયમ કલમ ૧૫૦-૧-અ, ૧૫૦-૨-ઈ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. આ ઘટના બની ત્યારે તે અંગે બોટાદ જિલ્લા જો કે.એક. ભરોડિયાએ જણાવ્યું હતું કે, બોટાદ જિલ્લાના રાણપુર પોલીસ સ્ટેશનની હદમાં કુંડલી ગામથી ૨ કિમીના અંતરે વહેલી સવારે પેસેન્જર ટ્રેન નંબર ૧૯૨૧૦ ઓખા-ભાવનગર જતી હતી. ત્યારે કોઈએ રેલવે ટ્રેકની વચ્ચે આશરે ચારેક ફૂટ લંબાઈનો જૂનો પાટાનો ટુકડો ઉભો કરી દીધો હતો. જેના લીધે ઓખા-ભાવનગર ટ્રેન અથડાતાં તે ઊભી રહી ગઈ હતી. ત્યારબાદ રેલવે પોલીસ અને રેલવે વિભાગે રાણપુર પોલીસને જાણ કરતા કઈઇ, જ્ઘ્ત્રૠ સહિતની ટીમે તપાસ હાથ ધરી હતી.

# સરકારી હોસ્પિટલ રાજુલા ખાતે બ્લડ ડોનેશન કેમ્પનું સુંદર આયોજન

**મુખ્ય સમાચાર,રાજુલા**




પહેલી ઓકટોમ્બરના રોજ રાષ્ટ્રીય સ્વૈચ્છિક રક્તદાન દિવસની ઉજવણીના ભાગ રૂપે ઈમરજન્સી સમયે સરળતાથી લોકોને બ્લડ મળી રહે તેવા હેતુ સાથે આરોગ્ય શાખા,જીલ્લા પંચાયત અમરેલીના માર્ગદર્શન હેઠળ તાલુકા આરોગ્ય કચેરી રાજુલા દ્વારા સરકારી હોસ્પિટલ રાજુલા ખાતે બ્લડ ડોનેશન કેમ્પનુ સુંદર આયોજન કરવામા આવ્યુ.જેમા એકત્રિત થયેલ ૨૪ યુનિટ બ્લડ જરૂરિયાતમંદ વ્યક્તિઓને ઈમરજન્સીના સમયે સરળતાથી મળી રહે તેવા પ્રયત્નો કરવામા આવ્યા.

રાજુલા પ્રાંત અધિકારીશ્રી ડો.મેહુલકુમાર બરાસરા,ક્વોલિટી ઓફિસર ડો.આર.કે.જાટ સહિતના અધિકારીઓ, કર્મચારીઓ અને લોકો દ્વારા સ્વેચ્છાએ બ્લડ ડોનેટ કરતા ૨૪ યુનિટ બ્લડ કલેક્ટ કરવામા આવેલ.જયારે આ કેમ્પને સફળ બનાવવા માટે તાલુકા હેલ્થ ઓફિસર ડો.એન.વી.કલસરીયાના માર્ગદર્શન હેથલ કોમ્યુનિટી હેલ્થ ઓફિસર ધવલ વાણિયા,વિપુલ કલસરીયા અને સનાભાઈ મકવાણા સહિતના આરોગ્ય સ્ટાફ દ્વારા ભારે જહેમત ઉઠાવી બ્લડ ડોનેશન કેમ્પને સફળ બનાવેલ.

સરકારી હોસ્પિટલ રાજુલા ખાતે યોજાયેલ બ્લડ ડોનેશન કેમ્પમા પ્રાંત અધિકારી ડો.મેહુલકુમાર બરાસરા,કવોલિટી ઓફિસર ડો.આર.કે.જાટ,અધિક્ષક ડો.હરેશ જેઠવા,ડો.શક્તિરાજ ખુમાણ,મેડિકલ ઓફિસર ડો.હર્ષ જાની,ડો.કિંજલ કાતરીયા, ડો.ઉમંગ પુરોહિત અને લોકો દ્વારા ઉત્સાહપૂર્વક ભાગ લઈ એકત્રીત થયેલ બ્લડ જરૂરિયાતમંદ લોકોને સરળતાથી મળી રહે તેવા ઉમદા હેતુ સાથે નવકાર ચેરિટેબલ બ્લડ બેન્ક મહુવાને સમર્પિત કરી અનેરું યોગદાન આપેલ.

રિપોર્ટર: ઈલ્યાસ કલાણીયા

# મોરબી જીલ્લા ભાજપ મહિલા મોરચા દ્વારા સેવા પખવાડા અંતર્ગત રંગોળી સ્પર્ધાનું આયોજન કરાયું



મોરબીમાં ગઈકાલે તા.૦૧ ઓક્ટોબરના રોજ મોરબી જીલ્લા મહિલા મોરચા પાંખ દ્વારા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ નિમિત્તે સેવા પખવાડા અંતર્ગત જીલ્લા ભાજપ કાર્યાલય ખાતે સુંદર મજાની રંગોળી-સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જીલ્લા ભાજપ મહામંત્રી કે.એસ.અમૃતિયા, જીલ્લા મંત્રી નીરજભાઈ ભટ્ટ, જીલ્લા મહિલા મોરચા પ્રમુખ ભાવનાબેન કૈલા, જીલ્લા મહિલા મોરચા મહામંત્રી નિર્મળાબેન હડિયલ, જીલ્લા અનુ.જાતિ મોરચા પ્રમુખ બાબુભાઈ પરમાર, જીલ્લા બક્ષીપંચ મોરચા પ્રમુખ નિર્મલભાઈ જારીયા, ભાણજીભાઈ વરસડા તેમજ તમામ મહિલા હોદેદારો ઉપસ્થિત રહ્યા હતા.

# મોરબીમાં કારમાં અચાનક આગ લાગતા કાર ચાલક યુવા ઉદ્યોગપતિ જીવતા ભૂંજાયા

## કારમાં સેન્ટ્રલ લોક લાગી જતા કાર-ચાલક બહાર નીકળી ન શકતા કરૂણ મૃત્યુ નીપજ્યું



મોરબીમાં ગઈકાલે હૃદયને હચમચાવી મૂકે તેવી ઘટના સામે આવી હતી. જેમાં મોરબીના યુવા કારખાનેદાર બપોરના અરસામાં પોતાની ફેક્ટરીએ કાર લઈને જતા હોય ત્યારે લીલાપર રોડ ખાતે ચાલતી કારમાં અચાનક કોઈ કારણોસર આગ લાગતા સેન્ટ્રલ લોક લાગી જતા કારના તમામ દરવાજા લોક થઈ ગયા હતા. જેથી કાર ચાલક એવા યુવા ઉદ્યોગપતિ કારમાં જ બળીને ભડથું થઈ જતા તેમનું કરૂણ મૃત્યુ નીપજ્યું હતું. જો કે બનાવ બાબતે ફાયર વિભાગને જાણ કરતા ફાયર બ્રિગેડ ટીમે સ્થળ ઉપર તાત્કાલિક પહોંચી કારમાં લાગેલ આગ ઉપર કાબુ મેળવ્યો હતો. ત્યારે સમગ્ર બનાવ મામલે સીટી એ ડિવિઝન પોલીસે મૃતુઉના બનાવ અંગે નોંધ કરી કારમાં આગ લાગવાના કારણો અંતર્ગત તપાસ હાથ ધરી હતી. જાણવા મળતી વિગતો અનુસાર મોરબી શહેરમાં રહેતા ઉદ્યોગપતિ અજયભાઈ નાનજીભાઈ ગોપાણી ઉવ.૩૯ ગઈકાલે બપોરે પોતાની કિયા કંપનીની સેલ્ટોસ કાર રજી.નં. જીજે-૩૬-એસી-૪૯૭૧ લઈને તાલુકાના જાંબુડીયા સ્થિત સીરામીક ફેક્ટરી પર જતાં હોય તે દરમિયાન ઘરથી થોડે દુર લીલાપર રોડ રાધે પાર્ટી-પ્લોટની સામે રોડ ઉપર ચાલતી કારમાં અચાનક આગ ભભૂકી ઉઠી હતી. જોત જોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. જેથી કાર ચાલક અજયભાઈ કારમાં જ ગંભીર રીતે દાઝી જતા તેમનું કરૂણ મૃત્યુ નીપજ્યું હતું. અચાનક કારમાં લાગેલી આગને કારણે કારમાં સેન્ટ્રલ લોક લાગી જતા અજયભાઈ કારની બહાર ન નીકળી શક્યા હોવાનું પ્રાથમિક તારણ સામે આવ્યું છે. બીજીબાજુ કારમાં આગ લાગવાના બનાવ અંગે મોરબી ફાયર વિભાગ ટીમને જાણ કરતા ફાયર-વિભાગ ટીમ ઘટના સ્થળે પહોંચી પાણીનો મારો ચલાવી કારમાં લાગેલી આગ બુઝાવી હતી. ત્યારે અજયભાઈના મૃતદેહને કારમાંથી બહાર કાઢી પીએમ અર્થે હોસ્પિટલમાં ખસેડાયો હતો. મૃતક યુવા ઉદ્યોગપતિ અજયભાઈ ગોપાણીના આકસ્મિક કરૂણ મૃત્યુથી સમગ્ર પરિવારમાં તથા ઉદ્યોગકારોમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો, હાલ સીટી એ ડિવિઝન પોલીસે મૃત્યુના બનાવ અંગેની નોંધ કરી આગળની તપાસ શરૂ કરી છે.

# મોરબી બી ડિવિઝન પોલીસના અલગ અલગ બે દરોડામાં વિદેશી દારૂ-બિયરના જથ્થા સાથે બે બુટલેગરની અટક



મોરબી સીટી બી ડિવિઝન પોલીસ ટીમ દ્વારા વીસીપરા વિસ્તારમાં તેમજ મહેન્દ્રનગર ગામ નજીક એમ અલગ અલગ બે સ્થળોએ રેઈડ કરી વિદેશી દારૂની ૧૧ બોટલ તથા ૫ નંગ બિયરના ટીન સાથે અલગ અલગ બે શખ્સોની ધરપકડ કરવામાં આવી છે. મળતી માહિતી મુજબ બી ડિવિઝન પોલીસ ટીમે પૂર્વ બાતમીને આધારે વીસીપરા વિસ્તારમાં આવેલ મદીના સોસાયટીમાં આરોપી હનીફભાઈ દીલાવરભાઈ મોવર ઉવ.૪૫ના રહેણાંક મકાનમાં રેઈડ કરતા જ્યાંથી વિદેશી દારૂની કુલ ૧૧ બોટલ સાથે ઉપરોક્ત આરોપીની અટક કરવામાં આવી હતી. જ્યારે બી ડિવિઝન પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન મહેન્દ્રનગર ગામ નજીક ઉમા વિલેજ જવાના રસ્તે શંકાસ્પદ હાલતમાં ઉભેલ શખ્સની તલાસી લેતા તેના પાસેથી કિંગફિશર સ્ટ્રોંગ બિયરના ૫ ટીન મળી આવ્યા હતા. હાલ પોલીસે બંને રેઈડ દરમિયાન પકડાયેલ આરોપીઓ સામે પ્રોહી. એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

# મોરબીના રામધન આશ્રમ ખાતે આગામી ૩ ઓક્ટો.ના રોજ ફ્રી નિદાન કેમ્પનું આયોજન

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબીના મહેન્દ્રનગર સ્થિત પ્રસિદ્ધ રામધન આશ્રમ ખાતે આગામી તા. ૩/૧૦ એટલે કે નવરાત્રીના પહેલા નોરતે કેશર ફિઝિયોથેરાપી કિલનિક દ્વારા સવારના ૯ થી ૧૨ વાગ્યા સુધી નિઃશુલ્ક નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

મોરબીઃ પ્રસિદ્ધ કરેલ પ્રેસ-યાદીમાં જણાવ્યા અનુસાર આગામી ૩ ઓક્ટોબરના રોજ રામધન આશ્રમ ખાતે કેશર ફોઝીયોથેરાપી કિલનિક દ્વારા ફ્રી નિદાન કેમ્પનું આયોજન કરાયું છે, જેમાં ડૉ. મીતલ રૈયાણી તથા ડૉ. પ્રિયા પટેલ આ કેમ્પમાં સેવા આપશે ત્યારે આ નિઃશુલ્ક કેમ્પમાં બાળકો માટેની ઉપલબ્ધ સારવારમાં મનોવિકલાંગ બાળકો, બોલવામાં તકલીફ થવી, જન્મથી ડોક ત્રાસી રાખવી, મોંનો લકવો, આંખ ત્રાસી રહેવી, ધીમો વિકાસ થવો, ચાલવામાં તકલીફ થવી, પગનો પંજો ત્રાસો રાખવો જેવા રોગો અંગેનું નિઃશુલ્ક સચોટ નિદાન કરવામાં આવશે. ઉપરાંત કમરની ગાદી ખસી જવી, ફાટી જવી, નસ દબાવી, કમરનો દુઃખાવો, મણકાનો/ગાદીનો ઘસારો, મણકા વચ્ચે નસ દબાવી, સ્પોન્ડીલાઈટીસ, ગોઠણની ગાદીનો ઘસારો, ગાદી ફાટી જવી લીગામેન્ટ ઈન્જરી, સ્પોર્ટ્સ ઈન્જરી સાઈટીકા (રાંઝણ) વા, ફરતો વા, સંધિવા, સાંધાનો દુઃખાવો પેરાલીસીસ, પક્ષઘાત, મોઢાનો લકવો, ફ્રોઝન શોલ્ડર, કોણીનો દુઃખાવો(ટેનીસ એલ્બો, ગોલ્ફર્સ એલ્બો), પગની પેનીનો દુઃખાવો, કાંડાનો દુઃખાવો, પાર્કીન્સન ડીસીઝ, ઓપરેશન પછીની ફિઝીયોથેરાપીની સારવાર, સાંધા બદલાવ્યા પહેલા અને પછીની સારવાર, જન્મજાત ખોડખાપણ તથા બાળકોના રૂંધાઈ ગયેલા વિકાસ માટે તેમજ દાઝેલા અને પ્લાસ્ટીક સર્જરી કરાવ્યા પછીની સારવાર, ડિલીવરી પહેલા અને પછીની સારવાર, ફેફસા તથા હૃદયના દર્દીઓ માટેની સારવાર તમાકુ અને કેન્સરના ઓપરેશન પછી મોંઢુ ખોલવા માટેની કસરત, વજન ઉતારવા અને વધારવા માટે માર્ગદર્શન અને ટ્રેઈનીંગ, મગજ અને કરોડરજજુની ઈજામાં સારવાર, કોરોના બાદમાં ફેફસા તથા શરીરની ફિટનેસ માટે સારવાર, હાથ અને પગના સોજા ઉતારવાની અદ્યતન મશીનથી સારવાર, સ્પીચ થેરાપી, જમવા તથા ગળવામાં તકલીફ માટે કસરતથી સારવાર, પેલ્વીર ફલોરના સ્નાયુને મજબુત તથા રિલેક્સ કરવાની સારવાર,વેરીકોઝ વેઈન, પગની નસો અને સ્નાયુની ગાંઠોની સારવારને લાગતી તમામ પ્રકારની બીમારીનું ફ્રી નિદાન કરવામાં આવશે.

# ગીર ગઢડા તાલુકાના દ્રોણ ગામે રસ્તા બાબતે ખોટુ આવેદનપત્ર આપતા મામલતદારને રજૂઆત



**રિપોર્ટર :- અબ્દુલ પઠાણ ઉના** સોશીયલ મીડીયા અને વોટસએપ ગુપ માધ્યમથી જાણવા મળેલ છે કે દોણેશ્વર ગામ ખાતે આવેલી અમારી ધમેન્દગીરી બી.ગોસ્વામી માલીકીની જમીનના પૈકી વાળી જમીનમાથી જે રસ્તો ખોટો બનાવી અને કાઢવામા આવેલ છે તે વરસાદી પાણીના હિસ્સા ધોવાઈ ગયેલો છે અને આ ખેડુતો ધ્વારા જ તમામ વરસાદી પાણી મારા ખેતરમા વાળી દેતા મારી જમીનનુ મોટુ ધોવાણ થપ ગયેલ છે જેની આપ સાહેબને અગાઉ આજન માસમા મારા નામ જોગ ફરિયાદ કરેલ છે. તેમજ આ રસ્તો પણ મારી માલીકીની જમીનમા આવેલો હોય જેમા આવેદન આપનાર જુના નવા ખેડુતએ મારી જમીનના ગામ નમુના નં. ૭,૧૨,૮ અ ની અંદર ખોટા સોંગદનામા કરી મામલતદાર ગીરગઢડામાં સાદુળભાઈ ભગવાનભાઈ ભાયાભાઈ ભગવાન, વિરાભાઈ સાતમભાઈ મોરી, બળવંતભાઈ વિનોદભાઈ મોરી, સામતભાઈ ભગવાનભાઈ, નિલેશ પટેલ, કે. પી. સોલંકી વિગેતે તમામ ખેડુતએ સને ૨૦૨૧ ની સાલમા ખોટા સોંગદનામા કરી સરકારે તેમજ પ્રશાસનને ગુમરાહ કરી તેમની સાથે છેતરપીડી વિશ્વાસઘાત કરી ખોટી એન્ટી મામલતદારશ્રી ગીરગઢડામા પડાવવામા આવેલી હતી.જે એન્ટીની સામે અમો પ્રાંત અધિકારી સાહેબ સમક્ષ ઉનામા અપીલ કરતા સામાવાળાની એન્ટી રદ કરવામા આવેલી હતી અને આ બોગસ અને ખોટા સોંગદનામા રજુ કરનાર તમામ ઈસમો ઉપર કાયદેસરની કાર્યવાહી કરવા અને છેતરપીંડીનો ગુન્હો દાખલ કરવા પણ કાર્યવાહી કરેલ હતી. ઉપરોકત તમામ આવેદન આપનાર ખેડુતો તેમજ જુના અને નવા ખેડુતો તેમજ નામ લખેલ તમામ ખેડુતો અને આગાઉં આપેલ ફરિયાદના સાદુળ ભગવાન અને પરેશ ધાનાણી નામના ખેડુત લોકોએ અમારી જમીનમા વરસાદી પાણી વાળી દિધેલ તમામ લોકો ઉપર કાયદેસર તપાસ કરી ગુનો દાખલ કરવા અને અમારી માલીકીની જમીનમા જે રસ્તો કાઢવામા આવેલ છે તે હટાવી આપવા માનનીય છે તે હટાવી આપવા નામદાર ગીરગઢડા એડી. જયુડી. મેજી. જજ સાહેબની કોર્ટમા તા. ૧૪/૦૨/૨૦૨૩ ના રોજ મનાઈ હુકમ કરવામા આવેલ છે અને આ સામાવાળા અમોને હેરાન પરેશાન ન કરે તેમજ જમીનમા ખેતી કામ કરતા અટકાયત ન કરે તેવો નમદાર કોર્ટએ હુકમ કરેલ છે.

# રાઘવજીભાઈ પટેલ, પુરુષોત્તમ રૂપાલા, મેયર સહિતના પદાધિકારી અધિકારીઓએ ગાંધીજીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી

## સ્વચ્છ ભારત દિવસ અંતર્ગત શ્રમદાન કરી સ્વચ્છતા અભિયાનમાં જોડાતા અગ્રણીઓ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

સમગ્ર વિશ્વને અહિંસા અને પ્રેમનો સંદેશો પહોંચાડનાર ભારતની આઝાદીના ઘડવૈયા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની જન્મ જયંતી નિમિત્તે જુયુબિલી ચોક સ્થિત મહાત્મા ગાંધીજીની પ્રતિમાને કૃષિ મંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલ, સાંસદ શ્રી પુરુષોત્તમ રૂપાલા, મેયર શ્રી નયનાબેન પેઢડીયા સહિતના પદાધિકારીઓ તેમજ અધિકારીઓએ પુષ્પાંજલિ અર્પણ કરી વંદન સાથે ભાવાંજલિ વ્યક્ત કરી હતી. પુષ્પાંજલિ બાદ મહાનુભાવોએ મહાત્મા ગાંધી મ્યુઝિયમ સુધી પદયાત્રા કરી સ્વચ્છ ભારત દિવસ નિમિત્તે સ્વચ્છતા અભિયાનમાં જોડાઈ શ્રમદાન કર્યું હતું. કાર્યક્રમમાં ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ, પૂર્વ સાંસદ શ્રી મોહનભાઈ કુંડારીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી જયમીન ઠાકર, અગ્રણીઓ સર્વે શ્રી ભરતભાઈ બોઘરા, મુકેશભાઈ દોશી, મનીષભાઈ રાડીયા, વિરેન્દ્રસિંહ, લીલુબેન જાદવ, જિલ્લા કલેકટર શ્રી પ્રભવ જોશી, જિલ્લા વિકાસ અધિકારી શ્રી નવનાથ ગવ્હાણે, મ્યુનિસિપલ કમિશનર શ્રી ડી.બી. દેસાઈ, ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રી એ. કે. વસ્તાણી, નાયબ કમિશનરશ્રી હર્ષદ પટેલ સહિત રાજકોટ મહાનગરપાલિકાના પદાધિકારીઓ તેમજ અધિકારીઓએ ઉપસ્થિત રહી ગાંધીજીની પ્રતિમાને ભાવાંજલિ આપી સ્વચ્છતા હી સેવા અંતર્ગત શ્રમદાન કર્યું હતું.





# ગાંધીજી અને શાસ્ત્રીજીની જન્મ જયંતી નિમિત્તે પુષ્પાંજલિ કરતું શહેર કોંગ્રેસ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

૨ ઓક્ટોબર રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની અને દેશને જય જવાન જય કિસાન નો નારો આપનારા, અત્યંત સાદગી ભર્યું જીવન જીવનાર પૂર્વ વડાપ્રધાન લાલ બહાદુર શાસ્ત્રીજીની આજે જન્મ જયંતી હોય રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા સુતર ની આંટી પહેરાવી ફુલહાર કરી પુષ્પાંજલિ અર્પણ કરી હતી અને કાર્યકરોએ મહાત્મા ગાંધી અમર રહો લાલ બહાદુર શાસ્ત્રી અમર રહો ના નારા લગાવ્યા હતા. આ કાર્યક્રમમાં એઆઈસીસીના સૌરાષ્ટ્ર ઝોનના પ્રભારી ભુપેન્દ્રભાઈ મારાવી, શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણી, મહાનગરપાલિકા વિરોધપક્ષના નેતા વશરામભાઈ સાગઠીયા, મહિલા કોંગ્રેસ પ્રમુખ દીપ્તિબેન સોલંકી, કોર્પોરેટર કોમલબેન ભરાઈ, ધરમભાઈ કાંબલીયા, શાંતાબેન મકવાણા, મેઘજીભાઈ રાઠોડ, ઠાકરશીભાઈ ગજેરા, સંજયભાઈ લાખાણી, અરવિંદભાઈ મુછડીયા, નાગજીભાઈ વિરાણી, લાખાભાઈ ઉંધાડ, રાણાભાઈ સોલંકી, સલીમભાઈ કારિયાણી, વશરામભાઈ ચાંડપા, હીરાલાલ પરમાર, બીપીનભાઈ રાઠોડ, મુકેશભાઈ પરમાર, કિંજલબેન જોષી, હરેશભાઈ ભારાઈ, ભુપતભાઈ બોરીચા, ગજેન્દ્રસિંહ ઝાલા સહિતના કોંગ્રેસ આગેવાનો કાર્યકરોએ હાજરી આપી હતી.



(તસ્વીરઃ આનંદ જાવિયા)

# GJ-5 ફેશન YARITUના શો-રૂમનો મંગલ પ્રારંભ કરાયો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

GJ-5 ફેશન YARITUના શો-રૂમનો મંગળ પ્રારંભ કરાયો હતો. જેની શુભ શરૂઆત જયેશભાઈ રાદડીયા (યુવા ધારાસભ્યશ્રી જેતપુર-જામકંડોરણા, ચેરમેન શ્રી રાજકોટ ડિસ્ટ્રિકટ કો-ઓપ.બેંક લી.) વરદ હસ્તે કરવામાં આવશે, તે બાદ શ નયનાબેન પેઢડીયા મેયર શ્રી રાજકોટ મહાનગરપાલિકા, શ્રી ભરતભાઈ બોઘરા ઉપાધ્યક્ષશ્રી ગુજરાત પ્રદેશ ભાજપ

શ્રી ડો.દર્શિતાબેન શાહ ધારાસભ્ય, શ્રી મુકેશભાઈ દોશી પ્રમુખશ્રી રાજકોટ શહેર ભાજપ, પ્રવિણાબેન રંગાણી પ્રમુખશ્રી રાજકોટ જીલ્લા પંચાયત, શ્રી નરેન્દ્રસિંહ જાડેજા ડેપ્યુટી મેયર-રાજકોટ દિપ પ્રાગટ્ય ય સાથે સાથે ગણપતિ વંદના કરવામાં આવશે, ત્યારબાદ તમામ ઉપસ્થિત મહેમાનો, ચીફ ગેસ્ટને ફુલહાર બુકે અને ટ્રોફી અર્પણ કરી સ્ટેજ પર સન્માનિત કરવામાં આવશે, ત્યારબાદ રેમવોક (ફેશન -શો ), અલગ અલગ ૬ સિકવન્સમાં ડાન્સ પ્રફોરોમાન્સ રહેશે, આ કાર્યક્રમ દરમ્યાન આમન્ત્રિત મહેમાનમાં રાજકીય નેતાઓ, બિલ્ડરો, ડોક્ટરો, ધારાશાસ્ત્રીઓ, અનેક સમાજના મોભી આગેવાનો, ૨૦૦થી વધું ગુજરાત ભરના સ્ટાર ઈનફુલન્સર, મોડેલો અને અન્ય મહાનુભાવો મુખ્ય મહેમાન ઉપસ્થિત રહ્યા હતા સાથે સાથે ચેરમેનશ, રાજકોટ જી સહકારી દુધ ઉત્પાદક સંઘ લી.મગનભાઈ વડાવીયા, વાઈસ ચેરમેનશ્રી રાજકોટ ડિસ્ટ્રિક્ટ કો-ઓપ.બેંક લી., ૨ ડી.કે સખીયા માજી ચેરમેનશ્રી માર્કેટયાર્ડ રાજકોટ,

દિનેશભાઈ ભુવા ચેરમેનશ્રી રાજકોટ જીલ્લાના ઘનશ્યામભાઈ ખાટરીયા, મેનેજીંગ ડિરેક્ટરથી રાજકોટ ડિસ્ટ્રિક્ટ કો-ઓપ, બેંક લી. શ્રી ડો. ડાયાભાઈ પીપરીયા, ડિરેક્ટરશ્રી રાજકોટ ડિસ્ટ્રિકટ કો-ઓપ બેંક લી. શૈલેષભાઈ ગઢિયા, ડિરેક્ટર રાજકોટ ડિસ્ટ્રિક્ટ કો-ઓપ.બેંક લી., જયમીનભાઈ ઠાકર ચેરમેન સ્ટેન્ડીંગ કમિટી, રાજકોટ મહાનગરપાલિકા, શ્રીમતી સીલુબેન જાદવ શાસક પક્ષ નેતા, શ્રીમતી જયોતિબેન ટીલવા ભાજપ પ્રદેશ અગ્રણી, શ્રીમતી સોનલબેન વસાણી જીલ્લા પ્રમુખ મહિલા ભાજપ, શ્રી રામભાઈ આહિર ડ્ઈ દાહોદ, શ્રી વિજયભાઈ કોરાટ વાયસ ચેરમેનશ્રી માર્કેટયાર્ડ, રાજકોટ, શ્રી રાજેન્દ્રસિંહ ગોહિલ વોર્ડ નં-૨ પ્રમુખ રાજકોટ, શ્રી વસંતભાઈ ગઢિયા ડિરેક્ટરશ્રી માર્કેટયાર્ડ, રાજકોટ, રમેશભાઈ(ભાઈજી) ઉઘાડ ભાજપ અગ્રણી રાજકોટ, શ્રી વી.એમ. સખીયા, જાખરક મેનેજરથી ઈઊઘ, શ્રી રાજકોટ ડિસ્ટ્રિકટ કો., શ્રી અશોકભાઈ ઉંધાડ પ્રમુખશ્રી, જેતપુર તાલુકા ભાજપ, શ્રી અશ્વિનભાઈ મોલીયા (મહામંત્રીરાજકોટ શહેર ભાજપ), અજયભાઈ પટેલ મેનેજીંગ ટ્રસ્ટી ન્યુ એરા સ્કુલ, શ જયમીનભાઈ પિપળીયા આધ્યશ્રી સૌરાષ્ટ્ર જ્ડૠ, મોહનભાઈ થાવરાણી (રાજવીર સાઈકલ એજન્સી), શ્રી જયેશભાઈ બોઘરા ચેરમેન માર્કેટયાર્ડ રાજકોટ, ભુપતભાઈ બોદર માજી પ્રમુખ રાજકોટ જીલ્લા પંચાયત, પરેશભાઈ ગજેરા, પ્રમુખ બિલ્ડર એસોસિયેશન, રવજીભાઈ હિરપરા ચેરમેન રાજકોટ જીલ્લા સહ પ્રકા. અને મુદ્રા લી, લલીતભાઈ રાદડીયા, ચેરમેનશ્રી રાજકોટ જીલ્લા કો-સોપ કોટન માર્કેટીંગ યુનિયન લી અરવિંદભાઈ તાળા, ડિરેક્ટરથી રાજકોટ ડિસ્ટ્રિક્ટ કો-ઓપ. બેંક, વિરભદ્રસિંહ જાડેજા ડિરેક્ટર રાજકોટ ડિસ્ટ્રિકટ કો-ઓપ.બેંક લી., મનીષભાઈ રાડિયા દંડક શાસક પક્ષ રાજકોટ મહાનગરપાલિકા, કિરણબેન માંકડીયા પ્રમુખ ભાજપ મહિલા મોરચા, વિક્રમભાઈ પુજારા શિક્ષણ સમિતિ ચેરમેન કમલેશભાઈ મીરાણી પૂર્વ પ્રમુખ ભાજપ પ્રમુખ રાજકોટ, મીનાબા જાડેજા કોર્પોરેટર રાજકોટ મહાનગરપાલિકા, જે.કે.પીપરીયા ડિરેક્ટર માર્કેટયાર્ડ રાજકોટ, લલીતભાઈ વડેરીયા કમિટી ચેરમેનશ્રી નાગરિક બેંક, કેયુરભાઈ ઢોલરીયા અગ્રણી બિલ્ડર રાજકોટ, વિનુભાઈ ઉંધાડ ટ્રસ્ટી શ્રી સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજ નાથદ્વારા, જયંતિભાઈ ઉધાડ પ્રમુ ખ થાણાગાફોળ સમંલી, માધવભાઈ દવે, મહામંત્રી રાજકોટ શહેર ભાજપ, વિરેન્દ્રસિંહ ઝાલા મહામંત્રી રાજકોટ શહેર ભાજપ, સતિષભાઈ મોવલીયા ડાયરેક્ટર, કેપ્ટન ટ્રેક્ટર પ્રા.લી, બાબુભાઈ ગજેરા અગ્રણી બિલ્ડર સુરત, શ્રઘનશ્યામભાઈ ભુવા (શિવ શહિત મેન્યુફેકચર), વિરેનભાઈ રાદડિયા (જય ખોડિયાર વર્ષ / વાસુદેવ એન્ટરપ્રાઈઝ) ઉપસ્થિત રહેશે, આ દરમ્યાન સ્ટેજનું સંચાલક શ્રી હાર્દિક સોરઠીયા, શ્રી માહી દવે દ્વારા કરવામાં આવશે, અમારી અન્ય શાખાઓ સુરત, મારૂતિ ચોક, કતારગામ, અમદાવાદ, નિકોલ, ગોતા, બોપલ, જેતપુર, જામનગર, અમરેલી, મોરબી, નવસારી, મહેસાણા, બોટાદ, ઉદયપુર, ભાવનગર પણ ઉપલબ્ધ છે, ઓપનીંગ ના દિવસે આ કાર્ડ સાથે લાવનાર ને ફ્રિ ગીફ્ટ આપવામાં આવશે.

જેનું સ્થળઃ- GJ-5 ફેશન YARITU GROUP, અંબીકા પાર્ક ની સામે,હનુમાન મઢી ચોક પહેલા, રૈયા રોડ, રાજકોટ રહેશે.



(તસ્વીરઃ આનંદ જાવિયા)

# દૂધની ડેરી પાસે ફ્રુટના ધંધાર્થીએ ઝેરી પાવડર પી કર્યો આપઘાતનો પ્રયાસ

## ખોડીયારપરામાં દંપતી વચ્ચે ઝઘડો થતા પત્નીએ ફીનાઈલ ગટગટાવ્યું

દૂધની ડેરી પાસે આવેલા હૈદરી ચોકમાં રહેતો ફ્રટનો ધંધાર્થી રાત્રીના સમયે પરા બજારમાં હતો ત્યારે ઝેરી પાવડર પી લીધો હતો. યુવકને ઝેરી અસર થતા સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. આ અંગે વિગત મુજબ દૂધની ડેરી પાસે હૈદરી ચોકમાં રહેતા કાસીમ સીદીકભાઈ કાદરી નામનો ૩૮ વર્ષનો યુવાન રાત્રીના નવેક વાગ્યાના અરસામાં પરા બજારમાં હતો ત્યારે ઝેરી પાવડર પી લીધો હતો. યુવકને ઝેરી અસર થતા સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. પ્રાથમિક પૂછપરછમાં ઝેરી દવા પી લેનાર યુવાન ત્રણ ભાઈમા વચ્ચેટ છે. અને તેને સંતાન એક પુત્ર અને એક પુત્રી છે. કાસીમ કાદરી ફ્રટનો ધંધો કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. આ ઉપરાંત બીજા બનાવમાં ખોડીયારપરામાં રહેતી આરતીબેન ઉર્ફે રેહાનાબેન જાકીરભાઈ કુરેશી નામની ૨૨ વર્ષની પરિણીતા પોતાના ઘરે હતી. ત્યારે બપોરના અરસામાં ફીનાઈલ પી લીધું હતું. પરિણીતાની તબિયત લથડતા તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. પ્રાથમિક પૂછપરછમાં આરતીબેન ઉર્ફે રેહાનાબેન કુરેશીને તેના પતિ જાકીર કુરેશીએ બીમાર માતાનું ધ્યાન રાખવાનું કહેતા દંપતિ વચ્ચે બોલાચાલી થઈ હતી જેથી આરતીબેન ઉર્ફે રેહનાબેન કુરેશીને લાગી આવતા ફિનાઈલ પી લીધું હોવાનું જાણવા મળ્યું છે. ઉપરોક્ત બંને બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# દેવલોપ પાર્ક રેસિડેન્સીમાં યુવાનનો ગળાફાંસો ખાઈ આપઘાત

કુવાડવારોડ પર આવેલા દેવલોપ પાર્ક રેસિડેન્સીમાં રહેતા યુવાને ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતા પરિવારમાં શોક વ્યાપી ગયો છે.ો મળતી વિગત મુજબ, દેવલોપ પાર્ક રેસિડેન્સી શેરીનં. ૧ માં રહેતા ધ્રુમિત નિતીનભાઈ વેકરીયા, (ઉ.વ. ૨૮) એ પોતાના ઘરે રૂમમાં દોરી પંખા સાથે બાંધી ગળાફાંસો ખાઈ લીધો હતો. પિતા તેને બોલાવવા જતા દરવાજો બંધ હોઈ ખખડાવતા ધ્રુમીતે દરવાજો ન ખોલતા દરવાજો તોડી અંદરજતા પુત્ર ધ્રુમિત લટકતી હાલતમાંજોવા મળતા પિતાએ દેકારો મચાવતા આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા બાદ કોઈએ ૧૦૮માં જાણ કરતા ૧૦૮ની ટીમે સ્થળપર પહોંચી તપાસ કરતા યુવાનનું મૃત્યુ નિપજયુ હોવાનું જણાતા પોલીસને જાણ કરવામાં આવી હતી. બનાવની જાણ થતા બી-ડીવીઝન પોલીસ મથકના હેડ કોન્સ અનિલસિંહ ગોહિલે સહિત સ્થળપર પહોંચી તપાસ હાથ ધરી હતી. મૃતક ધ્રુમીત બે ભાઈમાં મોટો હતો તે પિતા સાથે સોનીબજારમાં સોનીકામ કરતો હતો. તેણે કયા કારણોસર આ પગલુ ભર્યુ તે અંગેનું કારણ જાણવા પોલીસે તપાસ શરૂ કરી છે.

# સેફરોન વિદ્યા સંકુલ નું ગૌરવ



અખીલ ભારતીય શાળાકીય રમતોત્સવ તાલુકા અને જીલ્લાકક્ષા સ્પર્ધા વર્ષ-૨૦૨૪/૨૫ અંતર્ગત સેફરોન વિદ્યા સંકુલ - જશાપર (કાલાવડ)ના વિદ્યાર્થીઓએ અન્ડર-૧૭ વોલીબોલમાં તા- ૧૩/૦૯/૨૦૨૪ ના રોજ ડેલ્ટા સ્કૂલ, ધ્રોલ મુકામે યોજેલ. તેમાં વોલીબોલ સ્પર્ધામાં દ્વિતીય નંબર પ્રાપ્ત કરવા બદલ સંસ્થાના ટ્રસ્ટીશ્રી, આચાર્યશ્રી તથા શાળાના સ્ટાફ પરિવાર વતી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. આગામી સમયમાં રાજ્ય કક્ષાની વોલીબોલ ટીમમાં સેફરોન વિદ્યા સંકુલના ત્રણ વિદ્યાર્થીઓનું સિલેક્સન થયેલ છે. તેમજ વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધારવા માટે શાળાના આચાર્યશ્રી તેમજ શાળા પરિવાર જહેમત ઉઠાવી રહ્યા છે.

# શ્યામલાલજીની હવેલીએ નવ વિલાસ રાસનું આયોજન

મુખિયાજી જયેશભાઈની પ્રેરણાથી નવ વિલાસ(પુષ્ટિ રાસોત્સવ)નું ભવ્ય આયોજન રાજકોટની સૌથી પ્રાચીન શ્રી શ્યામ લાલજી ની હવેલી એ યોજાશે તા. ૦૩/૧૦/૨૦૨૪ (એકમ) થી૧૨/૧૦/૨૦૨૪ (નોમ)ના રોજ સુધી સાંજે ૦૬:૦૦ થી ૦૭:૩૦ કલાકે પ્રભુ ની ઝાંખી તેમજ ઠાકોરજી સન્મુખ અલૌકિક નવ વિલાસ (રાસ ગરબા) નું આયોજન જેમાં ગાયક કલાકાર દ્વારકેશ મંડળ ગ્રુપ દ્વારા રાસોત્સવના અદ્ભુત આનંદનુ રસ-પાન કરાવશે.. તો સાથે જ પ્રોગ્રામની સમાપ્તી પછી કણીકા પ્રસાદ (અલ્પ આહાર) પણ આયોજન રાખેલ છે. તો સમગ્ર વૈષ્ણવ સૃષ્ટિને પ્રભુની અલૌકિક ઝાંખીનો લાભ લેવા તેમજ આ મંગલ રાસોત્સવને દીપવવા આપ સર્વે વલ્લભીય વૈષ્ણવ સૃષ્ટિને મુખિયાજી જયેશભાઈ હરિદાસભાઈ તરફથી ભાવભર્યું નિમંત્રણ છે તેનું સરનામું શ્રી શ્યામલાલજીની હવેલી પંચનાથ મંદિર મેઈન રોડ, જય સીયારામ ભગત પેંડાવાળાની સામે રાજકોટ છે.

# રાજકોટ રેલવે ડિવિઝનમાં સ્વચ્છતા પખવાડિયાનો પ્રારંભ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝન પર સ્વચ્છતા પખવાડિયાના પ્રારંભે ડિવિઝનલ રેલવે મેનેજર શ્રી અશ્વનીકુમારે ઉપસ્થિત તમામ રેલવે કર્મચારીઓ અને અધિકારીઓને સ્વચ્છતાના શપથ લેવડાવ્યા હતા. આ દરમિયાન દરેકે દર વર્ષે ૧૦૦ કલાક શ્રમ દાન કરીને સ્વચ્છતાના સંકલ્પને પૂર્ણ કરવાના શપથ લીધા હતા. ડીઆરએમ શ્રી અશ્વની કુમારે દરેકને અપીલ કરી હતી કે આપણે ગંદકી દૂર કરીને ભારત માતાની સેવા કરવાનો સંકલ્પ લેવો પડશે, આ માટે આપણે સ્વચ્છતા પ્રત્યે સભાન રહેવું પડશે અને તેના માટે સમય આપવો પડશે. આપણે આની શરૂઆત આપણાથી, પરિવારથી, વિસ્તારથી, ગામથી અને આપણા કાર્યસ્થળથી કરવી જોઈએ. આ માટે આપણે સંકલ્પ લેવો જોઈએ કે ન તો આપણે ગંદકી કરીશું અને ન તો બીજાને કરવા દઈશું. શ્રી અશ્વની કુમારે હાજર રેલવે કર્મચારીઓને અનુરોધ કર્યો કે તેઓ પોતપોતાના સ્તરે ૧૦૦ લોકોને સ્વચ્છતાના શપથ લેવડાવે જેથી સ્વચ્છતા તરફનું આપણું એક પગલું સમગ્ર ભારતને સ્વચ્છ બનાવવામાં મદદરૂપ બને. ૧ ઓક્ટોબર થી ૧૫ ઓક્ટોબર, ૨૦૨૪ સુધી ચાલનારા આ પખવાડિયાના સ્વચ્છતા અભિયાનમાં દરેક દિવસને અલગ-અલગ થીમના આધારે વહેંચવામાં આવ્યો છે અને આ સમયગાળા દરમિયાન સ્વચ્છતા જાગૃતિ, સેમિનાર અને રેલીનું પણ આયોજન કરવામાં આવશે.



# મા જગદંબાની સ્તુતિ સાથે બુધવારથી ગોપી રાસોત્સવનો થશે પ્રારંભ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

સરગમ લેડીઝ ક્લબ દ્વારા આયોજિત ગોપી રાસોત્સવની તૈયારીઓને આખરી ઓપ અપાઈ ગયો છે અને બુધવારથી મોટી સંખ્યામાં બહેનો મા જગદંબાની સ્તુતિ સાથે નવરાત્રીનો પ્રારંભ કરશે. યાજ્ઞિક રોડ ઉપર ડી.એચ.કોલેજનાં મેદાનમાં આ ગોપી રાસોત્સવનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે અને પહેલા નોરતે કર્ણાટકનાં પૂર્વ રાજ્યપાલ વજુભાઈ વાળા તથા મનીષભાઈ માડેકા (રોલેક્ષ કંપની) અન્ય મહાનુભાવોના હસ્તે માતાજીની આરતી થયા બાદ ઢોલની દાંડી પીટાશે.

પહેલા નોરતે ગોપી રાસોત્સવમાં અતિથિવિશેષ તરીકે પ્રથમ નોરતું તા.૦૩/૧૦/૨૪ ને ગુરુવાર નાં ગોપિરાસ માં મુખ્ય મહેમાન તરીકે મહાનુભાવો હાજરી આપશે. રામભાઈ મોકરિયા, મોહનભાઈ કુંડારિયા, અરવિંદભાઈ રૈયાણી, મનીષભાઈ માડેકા, બિપીનભાઈ હદવાણી, ખોડીદાસભાઈ પટેલ, નરેન્દ્રસિંહ જાડેજા, જ્યોતીન્દ્રભાઈ મહેતા, કમલેશભાઈ મીરાણી, નીતિનભાઈ ભારદ્વાજ, ઈન્દુભાઈ વોરા, વેજાભાઈ રાવલીયા, રાજેશભાઈ પોબારુ, જીતુભાઈ ચંદારાણા, કેતનભાઈ મારવાડી, શિવલાલભાઈ આદ્રોજા, શશીકાંતભાઈ કોટેચા, ભાવેશભાઈ પટેલ, અર્જુનભાઈ શિંગાળા, રાજાભાઈ હિન્દુજા, જયેશભાઈ લોટીયા, નીતિનભાઈ ઢાંકેચા, મહેશભાઈ રાજપૂત, જીતુભાઈ ભટ્ટ, દિનેશભાઈ ગોળવાળા, પ્રજ્ઞેશભાઈ પટેલ, મનસુખભાઈ ભીમાણી, દિવ્યેશભાઈ રાયઠ્ઠા, વિનુભાઈ રામાણી, યશપાલસિંહ જાડેજા, કિશોરભાઈ કોટક, વિજયભાઈ ડોબરિયા, મુકેશભાઈ પાબારી, દિલેશભાઈ પાબારી, અમિતભાઈ ભાણવડીયા, જયેશભાઈ ઉપાધ્યાય, રાજુભાઈ પટેલ, જયેશભાઈ શાહ, ભરતભાઈ ગાજીપરા, વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહેશે. અને બહેનોને પ્રોત્સાહિત કરશે. આ મહેમાનોના હસ્તે ઈનામો પણ આપવામાં આવશે. આ ગોપી રસોત્સવમાં રોજેરોજ વિશિષ્ટ મહેમાનોના હસ્તે જુદા જુદા આકર્ષક ઈનામો આપવામાં આવશે. ગુણવંતભાઈ ડેલાવાળા નાં જણાવ્યા અનુસાર, આ રાસોત્સવને પૂર્વ રાજ્યપાલ વજુભાઈ વાળા અને પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીનું માર્ગદર્શન મળી રહ્યું છે.

લેડીઝ ક્લબની રાસે રમતી વિજેતા બહેનોને રોજ ૨૫ ઈનામો આપવામાં આવશે. આ ઈનામો રાજદીપસિંહ જાડેજા ( રાજાભાઈ વાવડી ) તરફથી આપવામાં આવશે. આ ઉપરાંત બાન લેબના મૌલેશભાઈ ઉકાણી તરફથી મુખ્ય કીટ, એન્જલ પંપનાં કિરીટભાઈ આદ્રોજા તરફથી કીટ, ચોકોડેનનાં સુધીરભાઈ પંડ્યા દ્વારા ગીફ્ટ વાઉચર, ઓપ્શન શો રૂમનાં શીલાબેન ચાંદ્રાણી તરફથી ગીફ્ટ, ગીરીકન્દ્રા ફૂડસનાં રાકેશભાઈ દેસાઈ તરફથી કીટ, ગોપાલ નમકીનવાળા બીપીનભાઈ હદવાણી તરફથી ગીફ્ટ, એટ્રેકશન હેર એકેડમીના ભરતભાઈ ગાલોરીયા તરફથી વાઉચર અને આઈમેટિક આઈકેર ઓપ્ટીકલના ડો. માધવભાઈ શેઠ તરફથી ચશ્માની ગીફ્ટ આપવામાં આવશે.



### રાજ્યના ખેડૂતો માટે કેન્દ્ર સરકારનો આવકારદાયક નિર્ણય

# કેન્દ્ર સરકાર દ્વારા મગફળી, મગ, અડદ, અને સોયાબીન જેવા પાકોની ટેકાના ભાવે ખરીદીઃ વિજયભાઈ કોરાટ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજ્યના ખેડૂતોને તેમની ઉપજના પોષણક્ષમ ભાવ સાથે આર્થિક રક્ષણ પણ મળી રહે તે માટે માન.પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીજીની કેન્દ્ર સરકાર દ્વારા મગફળી, મગ, અડદ અને સોયાબીન જેવા પાકોની ટેકાના ભાવે ખરીદી કરવાની જાહેરાત કરવામાં આવી છે. જેમાં રાજ્યમાં લાભપાંચમ પછી ૧૧મી નવેમ્બરથી ૯૦ દિવસ સુધી સરકાર દ્વારા નક્કી કરવામાં આવેલ ૧૬૦થી વધુ ખરીદ કેન્દ્રો પરથી ટેકાના ભાવે ખરીદી કરવામાં આવશે. શ્રી વિજયભાઈ કોરાટએ માન.વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીને અભિનંદન આપતા જણાવ્યું હતું કે, માન.યશસ્વી નરેન્દ્રભાઈ મોદીજી જ્યારથી કેન્દ્રમાં વડાપ્રધાન પદની જવાબદારી સંભાળી છે ત્યારથી દર વર્ષે સમયાંતરે ખેડૂતોના પાકને પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે થઈ વિવિધ પાકોની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવી રહી છે. કેન્દ્ર સરકાર ખેડૂતોની આવકવધારી તેમની આર્થિક સ્થિતિ સુધારવાની દિશામાં સતત કામ કરી રહ્યું છે. શ્રી વિજયભાઈ કોરાટએ જણાવ્યું હતું કે, કેન્દ્ર અને રાજ્ય સરકારશ્રી દ્વારા સમયાંતરે રાજ્યના ખેડૂતો અને કૃષિકારોના ઉત્કર્ષ માટે પ્રોત્સાહક યોજનાઓની જાહેરાતો થતી હોય છે. જેનાથી ખેડૂતોને આવતા સમયમાં ખુબ જ આર્થીક ફાયદો થાય છે. કેન્દ્ર સરકાર દ્વારા મગફળી, મગ, અડદ અને સોયાબીન જેવા વિવિધ પાક્ની ટેકાના ભાવે ખરીદી કરવાની જાહેરાત કરી મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે.



કુલ વાવેતર વિસ્તાર અને ઉત્પાદનને ધ્યાને રાખીને ટેકાના ભાવે ખરીદી માટે ૧૬૦થી વધુ કેન્દ્રો નક્કી કરવામાં આવ્યા છે. જે કેન્દ્રો ખાતેથી ૯૦ દિવસ સુધી ટેકાન ભાવે ખરીદી કરવામાં આવશે. જેમાં મગફળી પ્રતિ ક્વિન્ટલ ૬૭૮૩, મગ પ્રતિ ક્વિન્ટલ ૮૬૮૨, અડદ પ્રતિ ક્વિન્ટલ ૭૪૦૦ તથા સોયાબીન ૪૮૯૨ પ્રતિ કિવન્ટલ ટેકાના ભાવે મગફળી, મગ, અડદ અને સોયાબીનની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવશે. જે ભાવે ખરીદી આગામી તા.૧૧મી નવેમ્બરથી ૯૦ દિવસ સુધી કરવામાં આવશે. જેના માટે ખેડૂતો તા.૦૩-૦૧-૨૦૨૪ થી ૩૧-૧૦-૨૦૨૪ દરમ્યાન ગ્રામ્ય કક્ષાએ ઈ-ગ્રામ કેન્દ્રો ખાતેથી વીસી મારફતે ખેડૂતો નોંધણી કરાવી શકશે. ગુજરાત પ્રદેશ ભાજપ કિસાન મોરચા મંત્રીશ્રી વિજયભાઈ કોરાટે માન.વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીની કેન્દ્ર સરકાર, માન.મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ, ગુજરાત પ્રદેશ ભાજપા અધ્યક્ષશ્રી સી.આર.પાટીલનો આભાર વ્યક્ત કરી અભિનંદન પાઠવ્યા હતા.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# આર કે યુનિવર્સિટી અને ક્રિષ્ના વોટરપાર્ક પાસે બે દારૂ ભરેલી કાર સાથે ત્રણ શખ્સો ઝડપાયા

## ગુના નિવારણ શાખા અને ક્રાઈમ બ્રાન્ચ ની ટીમે રેડ કરી બેકાર સહિત ૧૨,૦૦,૦૦૦ થી વધુ નો મુદ્દામાલ કબજે કર્યો







**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેર પોલીસની ગુના નિવારણ શાખા અને ક્રાઈમ બ્રાન્ચ ની બે ટીમોએ અલગ અલગ બે દરોડા પાડી વિદેશી દારૂના જથ્થા સાથે ત્રણ શખ્સોને દબોચી લઈ રૂપિયા ૧૨ લાખથી વધુ નો મુદ્દા માલ કબજે કર્યો છે.

આ અંગેની પોલીસ માંથી મળતી માહિતી મુજબ ગુના નિવારણ શાખા ના પી.એસ.આઈ એમ જે હુણ ની સૂચનાથી કોસ્ટેબલ વિજયભાઈ મહેતા કુલદીપ સિંહ તથા યુવરાજસિંહ સહિતનો સ્ટાફ ભાવનગર રોડ પર આવેલ આરકે યુનિવર્સિટી થી ગઢડા ગામ તરફ જતા રસ્તા પર પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ વાતમીના આધારે ગઢડા ગામ પહેલા આવેલા પેથાપુર નજીકથી સ્વીફ્ટ કાર નંબર લ ષ ૨૭ બી ૮૮૦૨ નંબરની શંકાસ્પદ રીતે નીકળતા પોલીસે કારનો પીછો કરી અટકાવતા ઘરનો ચાલક સાયલા તાલુકાના નડાડા ગામનો કુલદીપ ખાચર અને વિછીયા તાલુકાના અજમેર ગામનો નિમેશ ઉર્ફે અબુ પ્રવિણ મેસણ વાણીયા નામના બે શખ્સોની ધરપકડ કરી કારમાંથી વિદેશી દારૂની ૧૫૬ બોટલ અને એક મોબાઈલ તથા કાર મળી રૂપિયા ૩.૬૯ લાખનો મુદ્દા માલ કબજે કર્યો હતો ત્યારે બીજા દરોડામાં ક્રાઈમ બ્રાન્ચના પી.એસ.આઈ એએસ ગરચર ની સૂચનાથી કોન્સ્ટેબલ હરપાલસિંહ જાડેજા તથા ધર્મરાજસિંહ રાણા સહિતનો સ્ટાફ રાજકોટ અમદાવાદ હાઈવે પર પેટ્રોલિંગમાં હતા ત્યારે ક્રિષ્ના વોટરપાર્ક સામે એક સફેદ કલરની કેટા કાર સબકાસ્પદ રીતે નીકળતા પોલીસે તેને અટકાવી ઘરની તલાસી લેતા તેમાંથી ઈમ્પીરીયલ બ્લુ ની ૧૬૮ બોટલ અને રોયલ સ્ટેબની ૧૬૮ બોટલ મળી આવતા પોલીસે કારનો ચાલક રાજસ્થાનનો નરેશ ઓમ પ્રકાશ બિશ્નોઇ ની ધરપકડ કરી ઘાર સહિત ₹૮.૬૮ લાખ નો મુદ્દા માલ કબજે કર્યો હતો.

# મારવાડી કોલેજના ક્રિકેટ ગ્રાઉન્ડમાં નવરાત્રીનું સ્ટેજ તૈયાર કરતી વખતે પિલોર પરથી પટકાતાં યુવાનનું મોત

## પંદરેક ફુટની ઉંચાઇ પરથી પડી જતાં હોસ્પિટલમાં ખસેડાયો પણ જીવ નં બચ્યોઃ રેલનગરમાં રહેતાં પરિવારજનોમાં ગમગીની



**મુખ્ય સમાચાર,રાજકોટ**

મોરબી રોડ પર આવેલી મારવાડી કોલેજના ક્રિકેટ ગ્રાઉન્ડમાં નવરાત્રીની તૈયારી રૂપે સ્ટેજના એલ્યુમિનીયમના પિલોર ઉભા કરવાનું કામ ચાલી રહ્યું હોઇ રાત્રીના બે વાગ્યે આ કામ કરી રહેલો યુવાન અકસ્માતે પંદરેક ફુટ ઉંચાઇના પિલોર પરથી પટકાતાં ગંભીર ઈજા થતાં મોત નિપજતાં અરેરાટી વ્યાપી ગઇ હતી.

જાણવા મળ્યા મુજબ રેલનગર ચંદ્રશેખર આઝાદ ટાઉનશીપમાં રહેતો રોનકભાઈ હિતેષભાઈ માકડીયા (ઉ.વ.૨૭) નામનો યુવાન ભાગીદારીમાં મંડપ સ્ટેજ ડેકોરેશનનું કામ કરતો હોઇ હાલમાં નવરાત્રી નિમીતે મારવાડી કોલેજના ક્રિકેટ ગ્રાઉન્ડમાં સ્ટેજ તૈયાર કરવાનું કામ મળ્યું હોઇ પોતે તથા બીજા કારીગરો રાતે કામ કરી રહ્યા હતાં ત્યારે તે વખતે રોનકભાઈ અકસ્માતે પંદરેક ફુટ ઉંચા પિલોર પરથી પડી જતાં ગંભીર ઈજા થતાં લોહીલુહાણ હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયેલ. પરંતુ અહિ વહેલી સવારે દમ તોડી દેતાં સ્વજનોમાં કલ્પાંત સર્જાયો હતો.

હોસ્પિટલ ચોકીના રામશીભાઈ વરૂ, કેતનભાઈ નિકોલા, તૌફિકભાઈ જુણાચે જાણ કરતાં કુવાડવા રોડ પોલીસ સ્ટેશનના લક્ષ્મણભાઈ મહાજન સહિતે કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર રોનકભાઈ બે ભાઈમાં નાનો અને અપરિણીત હતો. તેના પિતા હિતેષભાઈ પંચર સાંધવાની કેબીન ચલાવે છે. યુવાન અને આધારસ્તંભ દિકરાના મૃત્યુથી માકડીયા પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો.

# રાજકોટમાં વધુ ચાર લોકોના હૃદય ધબકારા ચુકી ગયા

## રૈયાગામમાં પરિણીતા ધરમનગરના ક્વાર્ટરમાં પ્રૌઢા, નવલનગર અને પેડક રોડ પર આધેડનું બેભાન થઇ જતા મોત



**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટમાં હાર્ટએટેકથી વધુ ચાર માનવ જીંદગી ધબકારા ચુકી ગઈ હોવાની ઘટના સામે આવી છે. જેમાં રૈયા ગામ નજીક રહેતી શ્રમિક પરિણીતા ધરમનગર આવાસ યોજનાના ક્વાર્ટરમાં રહેતા પ્રૌઢા અને નવલનગરના અને પેડકરોડ પર રહેતા આધેડનું હૃદયરોગના હુમલાથી મોત નિપજતાં પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી છે.

આ અંગેની વિગત મુજબ રાજકોટમાં રૈયાગામ નજીક સમરસ હોસ્ટેલ નજીક રહેતી શાંતિબેન બાબુભાઈ ડામોર નામની ૩૫ વર્ષની પરિણીતા પોતાના ઘરે હતી ત્યારે સવારના સાડા નવેક વાગ્યાના અરસામાં બેભાન હાલતમાં ઢળી પડી હતી. પરિણીતાને બેભાન હાલતમાં તાત્કીક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જ્યાં ફરજ પરના તબીબે જોઈ તપાસી પરિણીતાનું હૃદયરોગના હુમલાથી મોત નિપજ્યું હોવાનું જાહેર કરતાં શ્રમિક પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી હતી. પ્રાથમિક પુછપરછમાં મૃતક શાંતિબેન ડામોર મુળ મધ્યપ્રદેશની વતની હતી અને તેને સંતાનમાં બે પુત્ર અને બે પુત્રી છે. શાંતિબેન ડામોર અને તેના પતિ બાબુભાઈ ડામોર ટીપરવાનમાં કામ છે. કરી પરિવારનું ગુજરાન ચલાવતાં હતાં.બીજા બનાવમાં ૧૫૦ ફુટ રીંગ પરિણીતા, પ્રૌઢા અને બે આધેડને હૃદયરોગનો હુમલો આવતા બેભાન થઈ ઢળી પડતા મોત રોડ પર સ્ટર્લીંગ હોસ્પિટલ પાછળ આવેલા ધરમનગર આવાસ યોજનાના ક્વાર્ટર્સમાં રહેતા રેખાબેન વસંતલાલ રાઠોડ નામના ૫૨ વર્ષના પ્રૌઢા પોતાના ઘરે હતા ત્યારે રાત્રીનાં ત્રણેક વાગ્યે હૃદયરોગનો હુમલો આવતાં બેભાન હાલતમાં ઢળી પડ્યા હતાં. પ્રૌઢાને તાત્કાલીક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. જ્યાં પ્રૌઢાની સારવાર કારગત નિવડે તે પૂર્વે જ ફરજ પરના તબીબે જોઈ તપાસી નિષ્પ્રાણ જાહેર કરતાં પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો હતો. પ્રાથમિક પુછપરછમાં મૃતક રેખાબેન રાઠોડને સંતાનમાં એક પુત્ર જાણવા મળ્યુ છે.

આ ઉપરાંત ત્રીજા બનાવમાં મવડી મેઈન રોડ પર આવેલા નવલનગરમાં રહેતા નરેન્દ્રભાઈ નટુભાઈ ડાભી નામના ૪૮ વર્ષના આધેડ બપોરના ચારેક વાગ્યાના અરસામાં પોતાના ઘરે હતા ત્યાર તેમને હૃદયરોગનો હુમલો આવતાં છાતીનો દુ:ખાવો ઉપડયો હતો. આધેડને બેશુધ્ધ હાલતમાં સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતાં. જ્યાં આધેડે હોસ્પિટલના બીછાને દમ તોડી દેતાં પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી છે. પ્રાથમિક પુછપરછમાં મૃતક નરેન્દ્રભાઈ ડાભી ત્રણ ભાઈ ત્રણ બહેનમાં વચેટ હતાં અને તેમને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી હોવાનું જાણવા મળ્યું છે. ઉપરોકત બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે. ચોથા બનાવમાં પેડકરોડ પર સિતારામ સોસાયટીમાં રહેતા શશીકાંત ઉર્ફે પરેશભાઈ કાન્તીભાઈ કાંજીયા ઉ.વ.૪૭નામના આધેડ આજે સવારે પોતાના ઘરે બેભાન થઈ જતા તેમને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પરંતુ સારવાર મળે તે પહેલા તેમનું મોત નિપજ્યુ હતુ.

# રાજકોટએઈમ્સ વિવાદમાં મહિલા તબીબે ડિરેક્ટર કર્નલ સહિત ૪ સામે ફરિયાદ નોંધાવી

## શોષણ, ભેદભાવ, ગુંડાગીર્દી સહિતની ફરિયાદ કરતા ખળભળાટ : આ લેડી ડોક્ટરે અગાઉ પણ આવી જ ફરિયાદ કરેલી



**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ એઈમ્સના મહિલા તબીબે ડિરેકટર કર્નલ ડો.કટોચ સહિત ચાર સામે શોષણ, ભેદભાવ અને ગુંડાગર્દીની ફરિયાદ કરતા ખળભળાટ મચી ગયો છે. એવો બચાવ છે કે, આ લેડી ડોકટરે એક વર્ષ પહેલાં પણ આવી જ ફરિયાદ કરી હતી. હાલ એઈમ્સની ખાસ આવા મામલાની તપાસ કમિટી આઈસીસી તમામના નિવેદન લેશે. મહિલા ડોક્ટરની ફરિયાદ અરજીએ સાત કોઠા વીંધવા પડયા હતા. પ્રથમ જિલ્લા કલેક્ટર પ્રભવ જોશી, ત્યાંથી પોલીસ કમિશનર બ્રજેશ ઝા, બાદમાં ગાંધીગ્રામ પોલીસ અને હવે એઈમ્સની ઈન્ટરનલ કમ્પેઈન કમિટી પાસે તપાસ પહોંચી છે. આ અંગે સુત્રોમાંથી મળતી માહિતી અનુસાર, અંદાજે એક મહિના રાજકોટ એઈમ્સમાં ફરજ બજાવતા એક સિનિયર તબીબે જિલ્લા કલેક્ટર પ્રભવ જોશીને એક ફરિયાદ અરજી કરી હતી. જેમાં એઈમ્સના વડા કર્નલ ડો.સીડીએસ કટોચ. ડીન ડો.સંજય ગુપ્તા, એચઓડી અશ્વિન અગ્રવાલ અને એડમિનિસ્ટ્રેટર જયદેવસિંહ વાળા સામે ગંભીર પ્રકારના આક્ષેપો કર્યા હતા. સતામણી, ગુંડાગીરી, ઉત્પીડન અને લિંગ આધારિત ભેદભાવ કર્યો હોવાના આરોપો લાગ્યા છે. તાજેતરમાં જ કોલકાતાની આર.જી. કર હોસ્પિટલમાં મહિલા રેસિડેન્ટ ડોકટર સાથે દુષ્કર્મ આચરી તેની હત્યા કરવાની ઘટના બની. તેમાં ત્યાંની હોસ્પિટલના જ કેટલાક આરોપીઓ શંકાના દાયરામાં આવ્યા હતા. જેને લઈ દેશભરમાં ડોક્ટરોમાં રોષ છે. હડતાલો પણ રાખવામાં આવી. ડોક્ટરો અને ખાસ કરીને મહિલા ડોક્ટરોના ફરજના સ્થાનો પર તેમની સલામતીને લઈ સવાલો ઉઠ્યા છે ત્યારે, રાજકોટ એઈમ્સમાં એક સિનિયર મહિલા ડોકટરે એઈમ્સના ડિરેકટર, ડીન, એચઓડી અને એડમિનિસ્ટ્રેટર સામે સતામણીના આરોપ લગાવ્યા છે. મહિલા ડોક્ટરે સૌ પ્રથમ એક માસ પહેલા રાજકોટ જિલ્લા કલેક્ટર પ્રભવ જોશીને ફરિયાદ અરજી આપી હતી. કલેકટરે મામલાની ગંભીરતા જાણી અને ફરિયાદ અરજી પોલીસ કમિશનર બ્રજેશ ઝા તરફ વિસ્તૃત તપાસ અર્થે મોકલી આપી હતી.

એઈમ્સ હોસ્પિટલની જ ઘટના હોય અને આ એઈમ્સ હોસ્પિટલ રાજકોટ શહેર પોલીસના ગાંધીગ્રામ પોલીસ મથકના હદ વિસ્તારમાં આવતી હોવાના કારણે પોલીસ કમિશનરે આ ફરિયાદ અરજી પર ઊંડાણપૂર્વકની તપાસ કરવા ગાંધીગ્રામ પોલીસને મોકલી આપી હતી. જોકે પ્રાથમિક તપાસમાં ગાંધીગ્રામ પોલીસે આ ફરિયાદ અરજી પર એઈમ્સના આઈસીસી(ઈન્ટરનલ કમ્પ્લેઈન કમિટી)નો રિપોર્ટ મંગાવ્યો છે.

પોલીસે ૩૦ દિવસમાં તપાસ કરી રિપોર્ટ આપવા જણાવતા આ કમિટીએ ફરિયાદી મહિલા તબીબને તમામ પુરાવા સાથે તૈયાર રહેવા જણાવ્યું છે. કમિટી ફરિયાદી અને પક્ષકારોના નિવેદન નોંધશે. હકીકત વાળો રિપોર્ટ પોલીસને સુપ્રત કરશે.

# તંત્રની બેદરકારીના કારણે હોસ્પિટલના કમ્પાઉન્ડમાં પ્રસુતાની ડીલવરી કરાવી પડી

■ પદ્મકુંવરબા હોસ્પીટલના ગ્રાઉન્ડમાં જ પ્રસુતાએ બાળકને જન્મ આપ્યા



**મુખ્ય સમાચાર,રાજકોટ**

પેલેસ રોડ પર આવેલી ગુંદાવાડી (પદ્મકુંવરબા) સરકારી હોસ્પિટલમાં આજે સવારે વહીવટી ઝંઝટ અને તંત્રની બેદરકારીના કારણે પ્રસુતાની ડિલીવરી હોસ્પિટલના કમ્પાઉન્ડમાં કરવામાં આવતા ખળભળાટ સર્જાયો છે. ગામડાની આરોગ્ય સેવાને પણ સારી કહેવડાવે તેવી સ્માર્ટ સીટીમાં આરોગ્ય તંત્રની લાપરવાહી સામે સવાલ ઉઠવા લાગ્યા છે. આરોગ્ય તંત્ર દ્વારા સમગ્ર ઘટના વિશે તપાસનો આદેશ કરવામાં આવ્યો છે.

આ ચોંકાવનારા બનાવ વિશે પ્રાપ્ત થયેલી માહિતી પ્રમાણે શહેરી ભાગોળે વાવડીમાં રહેતા મુળ બિહારના શ્રમિક પરિવારના પુષ્પાબેન વિકાસભાઈ ચૌધરીને આજે સવારે પ્રસુતિની પીડા ઉપડી હતી અને તેને પગલે પરિવાર ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સમાં પેલેસ રોડ પર આવેલ પદ્મકુંવરબા હોસ્પિટલમાં લઈ આવ્યો હતો. આ તકે પ્રસુતાને દાખલ કરીને સારવાર કરવાના બદલે સ્ટાફ દ્વારા કેસ કઢાવવાનો આગ્રહ રાખવામાં આવ્યો હતો. આ તકે પ્રસુતાના પતિ વિકાસ ચૌધરીએ કહ્યું કે પોતાની પ્રસુતા પત્નીની હાલત ઘણી ખરાબ છે એટલે કેસનો આગ્રહ રાખ્યા વિના ડોકટરને મળવા દેવામાં આવે પરંતુ જડ જેવું વલણ અપનાવી સ્ટાફે તેમને હોસ્પિટલમાં ડોકટરને મળવા દેવાનો ઈન્કાર કરી દીધો હતો અને કેસ કઢાવીને આવે ત્યારબાદ જ જવા દેવાનું કહી દીધુ હતું.

લરક્ષ એમ્બ્યુલન્સમાં હોસ્પિટલે પહોંચેલી પ્રસુતાની હાલત ખરાબ હતી જ તેમના પતિ કેસ કઢાવવાની ઝંઝટ અને બેદરકાર સ્ટાફ સાથે રકઝક કરી રહ્યા હતા તે દરમ્યાન જ પ્રસુતાને પ્રસુતિની પીડા ઉપડી ગઈ હતી અને બાળક ગર્ભમાંથી બહાર આવવા લાગ્યું હતું આ વાત પ્રસરતાની સાથે જ હોસ્પિટલ તંત્રમાં દોડધામ થઈ ગઈ હતી અને ડોકટરથી માંડીને નર્સ સુધીનો તમામ સ્ટાફ કમ્પાઉન્ડમાં ધસી આવ્યો હતો. પ્રસુતિ કમ્પાઉન્ડમાં જ કરવાની ફરજ પડી હતી અને ત્યારબાદ પ્રસુતાને હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી.

ઈમરજન્સી એમ્બ્યુલન્સમાં આવવા છતાં પ્રસુતાના પરિવાર સાથેના જડ વ્યવહારના પગલે ભારે આક્રોશ ફાટી નીકળ્યો હતો. સમગ્ર બનાવનો વિડીયો સોશ્યલ મીડિયામાં વાયરલ થયો છે. હોસ્પિટલના સત્તાવાળાઓ દ્વારા તપાસના આદેશ કરવામાં આવ્યા છે. પરંતુ આ બનાવે રાજકોટના આરોગ્ય તંત્ર સામે અનેકવિધ સવાલો ઉભા કર્યા છે. સ્માર્ટ અને વિકસીત સીટીની ગણના પામતા રાજકોટના આરોગ્ય તંત્રનો અસલી ચહેરો આજે ખુલ્લો પડી ગયો હોવાનું પણ સ્પષ્ટ થાય છે.

# ગરમ દુધની તપેલી માથે પડતા દાઝી ગયેલા માસુમ બાળકનું સારવારમાં મોત



રાજકોટમાં દૂધની ડેરી પાસે આવેલા હાઉસીંગ બોર્ડના ક્વાર્ટરમાં રહેતા શ્રમિક પરિવારનો ત્રણ વર્ષનો માસુમ બાળક ૧૦ દિવસ પૂર્વે રમતો હતો ત્યારે અકસ્માતે દૂધની તપેલી માથે પડતાં માસુમ ગંભીર રીતે દાઝી ગયો હતો. માસુમ બાળકને સારવારમાં દમ તોડતાં શ્રમિક પરિવારમાં અરેરાટી સાથે કરૂણકલ્પાંત સર્જાયો છે.આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ, રાજકોટમાં દૂધની ડેરી પાસે આવેલા હાઉસીંગ બોર્ડ ક્વાર્ટરમાં રહેતા શ્રમિક પરિવારનો નિહીર કૃણાલભાઈ તિવારી નામનો ત્રણ વર્ષનો માસુમ બાળક ગત તા. ૧૭નાં રોજ પોતાના ઘરે રાત્રીનાં અગિયારેક વાગ્યાના અરસામાં રમતો હતો ત્યારે માસુમ બાળક ઉપર અકસ્માતે દૂધની તપેલી માથે પડતાં માસુમ બાળક ગંભીર રીતે દાઝી ગયો હતો. ગંભીર રીતે દાઝી ગયેલા માસુમ બાળકને તાત્કાલીક સારવાર માટે ખાનગી બાદ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જ્યાં માસુમ બાળકની સારવાર કારગત નિવડે તે પૂર્વે જ માસુમ બાળકે હોસ્પિટલના બીછાને દમ તોડી દેતાં પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી હતી. પ્રાથમિક પુછપરછમાં મૃતક મિહીર તિવારીનો પરિવાર મુળ ઉત્તર પ્રદેશનો વતની છે. મૃતક મિહીર તિવારી એકની એક બહેનનનો એકનો એક મોટો ભાઈ અને માતા પિતાનો આધાર સ્થંભ એકલોતો પુત્ર હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે થોરાળા પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે

# લાયસન્સ વિના આરટીઓ માન્ય એચએસઆરપી જેવી નંબર પ્લેટ વેચતો વેપારી ઝડપાયો

## એસઓજી ટીમે દરોડો પાડી ૧૫૦ નંબર પ્લેટ કબ્જે કરી તપાસ હાથ ધરી

શહેરના ૧૫૦ ફટ રીંગ રોડ ઉપર બીગબજાર પાછળ શિવ આર્ટ ગેલેરી નામની દુકાનમાં એસઓજીએ દરોડો પાડી લાયસન્સ વિનો આરટીઓ માન્ય એચએસઆરપી નંબર પ્લેટ લગાડવાના કૌભાંડનું પર્દાફાશ કરી દુકાનના માલીકની ધરપકડ કરી ૧૫૦થી વધુ આવી નંબર પ્લેટ કબ્જે કરી આ બાબતે આરટીઓને જાણ કરવામાં આવી છે. કોઈ પણ વાહનમાં નંબર પ્લેટ માટે ટુ વ્હીલમાં ૧૦૦૦ અને ફોર વ્હીલમાં ૨૦૦૦ રૂપિયા લઈને આ નંબર પ્લેટ ફીટ કરી દેવામાં ધરપકડ કરી હતી. બીગબઝાર પાછળ શિવ આર્ટ ગેલેરી નામની દુકાન ચલાવતા નિર્વે છેલ્લા દોઢ વર્ષથી આ ધંધો શરૂ કર્યો હતો. આરટીઓમાં કંપની દ્વારા એચએસઆરપી નંબર પ્લેટનો કોન્ટ્રાક્ટ અપાયા બાદ હાલ આ કોન્ટ્રાક્ટ બંધ કરવામાં આવ્યો છે. અને જે તે કાર કે ટુ વ્હીલરના શોરૂમ ખાતેથી હવે આરટીઓ માન્ય નંબર પ્લેટ ફીટ કરી દેવામાં આવે છે. ત્યારે નિરવ દદ્વારા કોઈ પણ જાતના લાયસન્સ વગર સરકારી નંબર પ્લેટ વાહનોમાં ફીટ કરી દેવામાં આવતી હતી. અને ટુ વ્હીલના ૧૦૦૦ અને નંબર પ્લેટ લગાડી દેતો હતો તે વાહન માલીક પાસે કોઈ પુરાવા મેળવ્યા વગર આ કામ કરતો હોય જેથી કોઈ પણ વાહન ચાલક બોગસ નંબર પ્લેટ બનાવીને પણ પોતાના વાહનમાં ફીટ કરાવી દેતા હોવાની શંકા વ્યક્ત કરવામાં આવી છે. આ મામલે એસઓજીના પીઆઈ એસએમ જાડેજા અને તેમની ટીમે આરટીઓ પાસેથી જરૂરી વિગતો મંગાવી છે તેમજ રાજકોટમાં એચએસઆરપી નંબર પ્લેટનો કોન્ટ્રાક્ટ ધરાવતા કોન્ટ્રાક્ટરને પણ આ બાબતે જાણ કરી વધુ તપાસ શરૂ કરી છે.

# અકસ્માતમાં ઘવાયેલા યુવાનને ૭૩ લાખનું વળતર ચૂકવવા વીમા કંપનીને હુકમ

## થાનગઢ પંથકમાં મજૂરો ભરેલા ટ્રેક્ટરની ટ્રોલી પલટી જતા સર્જાયેલા અકસ્માતમાં યુવકને ગંભીર ઈજા પહોંચી થતી

થાનગઢ પંથકમાં ટ્રેક્ટર ટ્રોલી ઊંધી વળતા સર્જાયેલા અકસ્માતમાં તેમાં બેઠેલા ખેત મજૂરને ઈજાથી ગંભીર બીમારી થઈ જવાના ૧૦ વર્ષ પહેલાના કિસ્સામાં એમએસીટી કોર્ટ દ્વારા રૂ.૭૩ લાખનું વળતર ચૂકવવા વીમા કંપનીને હુકમ કર્યો છે. આ અંગેની હકીક્ત મુજબ થાનમાં રહેતા અને ખેત મજુરી કામ કરતાં મૈયાભાઈ દાનાભાઈ રાઠોડ ગઈ તા. ૨૫/૦૨/૨૦૧૪ના રોજ ખેતરેથી ટ્રેકટરમાં જતા હતા ત્યારે ટ્રેક્ટરની ટ્રોલી ઊંધી વળી જતા તેમાં મૈયાભાઈ તેની નીચે આવી ગયેલા અને મણકાના ભાગમાં ગંભીર ઈજાઓ થવાથી તેને કમરથી નીચેના ભાગે કાયમી માટે પેરાલિસિસ થઈ ગયું હતું. આથી મૈયાભાઈ રાઠોડે મોટર વ્હીકલ એકસીડન્ટ ટ્રિબ્યુનલમાં ઈજાના વળતર અંગેનો કેસ દાખલ કર્યો હતો. આ કેસમાં અરજદારના એડવોકેટ મૌલિક એ. જોષીની ધારદાર દલીલ અને રજુ કરેલ દસ્તાવેજો સંબંધે ગુજરાત હાઈકોર્ટ તથા સુપ્રીમ કોર્ટના જજમેન્ટો રજુ કર્યા હતા અને તેને આધારે રાજકોટની વ્હીકલ એકસીડન્ટ ક્લેઈમ ટ્રિબ્યુનલે સામેવાળી વીમા કંપનીને ૪૦,૧૬,૨૪૦/– ૯ ટકા વ્યાજ તથા ખર્ચ સાથે ફરીયાદની દાખલ તારીખથી ચુકવણું કરવા હુકમ ફરમાવ્યો છે. એટલેકે અરજદારને અંદાજે વ્યાજ સાથે આ રકમ ૭૩ લાખ જેવી રકમ ચૂકવવાની થઈ છે.

# મીલપરામાં પુત્રવધુએ સસરાને ચામાં ઘેનના ટીકડા પીવડાવી દીધા

## પોલીસ પહોંચે તે પહેલા જ વૃદ્ધ હોસ્પિટલમાંથી નાસી છૂટ્યા



મીલપરા વિસ્તારમાં પુત્રવધુએ જ સસરાને ચા માં ઘેનના ટીકડા પીવડાવી દેતા વૃદ્ધ સારવાર માટે હોસ્પિટોમાં દાખલ થયા હતા. કે જે, પોલીસ પહોંચે તે પહેલા જ હોસ્પિટલમાંથી ભાગી ગયા હતા. ત્યારે સત્ય હકિકત શુ? તે અંગે પોલીસે તપાસ હાથ ધરી છે.જાણવા મળતી વિગત મુજબ મીલપરામાં રહેતા સાબુમલ પાલુમલ તલવાણી (ઉ.વ.૬૮) નામના સિંધી વૃદ્ધ આજે સવારે ૭ વાગ્યાના અરસામા પોતાના ઘરે હતા ત્યારે તેની પુત્રવધુએ ચા મા ઘેનના ટીકડા નાખી પીવડાવી દેતા તેઓ સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ થયા હતા જેથી સિવિલ ચોકીના સ્ફાટે પ્રાથમિક નોંધ કરી ભકિતનગર પોલીસને જાણ કરતા પોલીસ સ્ટાફ હોસ્પિટલે દોડી ગયો હતો. જો કે, પોલીસ પહોંચે તે પહેલા જ વૃદ્ધ હોસ્પિલમાંથી નાશી ગયા હતા. જેથી હકીકતે પુત્રવધુએ ચા માં ઘેનના ટીકડા પીવડાવી દીધા કે અન્ય કઈ? તે અંગે જાણી શકાયુ નથી.

# શાપરમાં એપાર્ટમેન્ટના ત્રીજા માળેથી નીચે પટકાતા શ્રમીકનું મોત

## મધરાત્રે લઘુશંકા કરવા જતો યુવાન અંધારામાં ત્રીજા માળેથી પટકાયો



શાપરમાં ગોંડલ રોડ પર આવેલ રાજેશ્રી એપાર્ટમેન્ટમાં રહેતો યુવાન મધરાત્રે લઘુશંકા કરવા જતો હતો ત્યારે અકસ્માતે અંધારાના કારણે ત્રીજા માળેથી નીચે પટકાયો હતો. ગંભીર રીતે ઘવાયેલા યુવકનું મોત નિપજતાં પરિવારમાં શોકની લાગણી પ્રસરી છે. આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ, શાપરમાં ગોંડલ રોડ પર આવેલ રાજેશ્રી એપાર્ટમેન્ટમાં રહેતા નટુ પ્રેમજીભાઈ વાઘેલા નામનો ૩૯ વર્ષનો યુવાન રાત્રીના બારેક વાગ્યાના અરસામાં પોતાના ઘરે હતો ત્યારે અકસ્માતે ત્રીજા માળેથી નીચે પટકાયો હતો. ગંભીર રીતે ઘવાયેલા યુવકને સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં યુવકનું મોત નિપજતાં પરિવારમાં શોકની લાગણી પ્રસરી છે. પ્રાથમિક પુછપરછમાં મૃતક યુવાન ત્રણ ભાઈમાં બેટો હતો અને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. નટુ વાઘેલા મધરાત્રે લઘુશંકા કરવા જતો હતો ત્યારે અંધારામાં ત્રીજા માળેથી નીચે પટકાતા મોત નિપજ્યું હોવાનું જાણવા મળ્યું છે.

# સરધાર ગામે બે ભાઈની એકની એક બહેનનો ગળાફાંસો ખાઈ આપઘાત



સરધાર ગામે રહેતી બે ભાઈની એક બહેન એવી ૨૩ વર્ષીય યુવતીએ અગમ્ય કારણસર ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી છે. આ અંગે પોલીસે જરૂરી કાર્યવાહી કરી આપઘાતનું કારણ જાણવા તપાસ હાથ ધરી છે. જાણવા મળતી વિગત મુજબ રાજકોટ તાલુકાના સરધાર ગામે રહેતી અંજુ કિશોરભાઈ મકવાણા (ઉ.વ.૨૩) નામની યુવતીએ આજે વહેલી સવારે પોતાન ઘરે રૂમમાં ગળેફાંસો ખાઈ લીધો હતો. બાદમાં સવારે માતા ઉઠાડવા જતા પુત્રી લટકતી હાલતમાં મળી આવી હતી. બનાવની જાણ થતા આજીડેમ પોલીસે ઘટના સ્થળે દોડી જઈ જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીએમ અર્થે સિવિલ હોસ્પીટલ ખસેડી તપાસ હાથ ધરી હતી. પ્રાથમિક તપાસમાં મૃતક અંજુ બેભાઈની એકની એક બહેન હતી તે અપરિણીત અને ઘરકામ કરતી હતી. તેણીએ આ પગલું શા માટે ભરી લીધું? તે અંગે પરિવારજનો પણ અજાણ હોય પોલીસે આપઘાતનું કારણ જાણવા વધુ તપાસ હાથ ધરી છે.

# છરી સાથે ઓફિસમાં ઘસી આવેલા શખ્સે સ્ટાફને ધમકી આપી

રાજકોટમાં રહેતા અને એડવોકેટ તરીકે પ્રેકટીસ કરતા તેમજ ઈન્દીરા સર્કલ પાસે શીલ્પન સ્કેવરમાં ઓફીસ ધરાવતા વિનુભાઈ જોષીએ તેના ભાઈ વિપુલ અરવિંદભાઈ જોષીના સગીર પૂત્ર એવા ભત્રીજા સામે યુનીવર્સીટી પોલીસ સ્ટેશનમાંઆપેલી લેખીત ફરીયાદમાં જણાવ્યું હતુ કે ગત તા. ૩૦–૦૯–૨૦૨૪ ના રોજ સવારે ભત્રીજો છરી લઈ મારી ઓફીસમાં ધસી આવ્યો હતો અને સ્ટાફ રાજનભાઈ તથા પણવ સાંગાણીને ધમકાવી, છરી બતાવી મારી નાખવાની ધમકી આપી કોમ્પ્યુટર લઈને ભાગી ગયેલ હતો૧૦૧ નંબર ડાયલ કરી પી. સી.આર. બોલાવેલ બાદ મુંજકા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરવાનું કહેતા આરોપી ૧૨ વાગ્યે કોમ્પ્લેક્ષમાં નીચે આવી ઓફીસ સ્ટાફ રાજનભાઈને કોમ્પ્યુટર પરત આપેલ અને કહેલ કે તારા સાહેબને કહેજે રૂ.૫૦૦૦૦૦– મોકલાવી આપે, નહીંતર પરીણામ સારૂ નહી આવે તથા જે પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરવી હોય,ત્યાં કરી નાખજો. હું માનચોર છું, મારી સામે પોલીસ કોઈ જ કાર્યવાહી નહીં કરી શકે.